॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુન ૨૦૧૪

રૂા. ૫/૦૦

શ્રી નરનારાયણદેવના ૧૯૧ મા વાર્ષિક પાટોત્સવ તા. ૩૦-૪-૨૦૧૪ થી તા. ૪-૫-૨૦૧૪

## ભુજ શ્રી નરનારાયણ આદિ દેવોનો ૧૯૧મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. ગોપાલભાઈ કરસન વાસાણી પરિવાર ઈન્દોરના યજમાન પદે ધામધૂમથી ઉજવાઈ ગયો.















# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ-સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઈન્દોરમાં ઉદ્‌ઘાટન એવં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.





















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૬ - જુન – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

પ્રભાતના સમયે આદિત્યનારાયણના આગમનનાં એંધાણ આપતા સોનેરી મૃદુ કિરણો અવનિનાં અંધકારને ઉલેચીને પૃથ્વીને પ્રકાશિત કરી દે છે. તેવી જ રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાન અધર્મ, અરાજકતા અને અજંપાના સંતાપને હરી લઈને મનુષ્યના જીવનમાં સત્સંગનો પ્રકાશ પાથરીને સુખ, શાંતિ અને સંતોષની અનુભૂતિ કરાવે છે. ભવની ભવાટવીમાં ભટકતા માનવ પર અનુકંપા કરી સત્સંગના સથવારે ભવસાગર પાર કરાવે છે.

ભૌતિક સુવિધાઓનું સુખ તો ભ્રામક છે. તે થોડા સમય માટે શરીરને સુખ આપી શકે, પણ શરીર તો નાશવંત છે. શરીરના સુખનું મહત્ત્વ અલ્પજીવી છે. આવા સુખ મોહ અને તૃષ્ણાને જન્મ આપે છે. મોહાંધ વ્યક્તિની તૃષ્ણા દિનપ્રતિદિન વધતી જ જાય છે અને તૃપ્તિની પ્રાપ્તિ ન થતાં અશાંતિ અને અજંપો મનનો કબજો લઈ લે છે. આવી પરિસ્થિતિ આત્માને પરમાત્માથી વિમુખ કરી દે છે. અશાંતિ અને અજંપાને દૂર કરવાનો સહજ માર્ગ છે સત્સંગ. નશ્વર વસ્તુઓનો ત્યાગ કરી જે શાશ્વત સુખ છે તે સત્સંગનું શરણું સ્વીકારવું જોઈએ. ભજન, કીર્તન, કથા-વાર્તા અને સંત સમાગમ કરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની લીલાઓનું સ્મરણ કરવાથી શ્રીહરિનો મહિમા ગાવાથી પરમસુખ અને શાશ્વત શાંતિની અનુભૂતિ અવશ્ય થશે જ.

ગૃહસ્થ જીવનમાં જ્યારે સામાજિક વ્યવહારો સચવાતા નથી કે કૌટુંબિક સભ્યો, સ્વજનો કે આત્મીયજનો તરફથી અવગણના થતી હોય તેવા પ્રસંગો કે પરિસ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે ગ્લાનિ અનુભવાય છે. આવું પણ ત્યારે જ બને છે જ્યારે આપણે સત્સંગથી દૂર થઈ જઈએ છીએ, શિક્ષાપત્રીમાં અપાયેલ નિર્દેશોને અનુસરતા નથી. શ્રી સહજાનંદ સ્વામીએ તો આપણા પર મોટી કૃપા કરીને શિક્ષાપત્રીની અમૂલ્ય ભેટ આપી છે. જો હરિભક્ત શિક્ષાપત્રી ધ્યાનથી વાંચે, તેમાં આપેલ વાતો સમજે અને જીવનમાં ઉતારી શિક્ષાપત્રીમાં આપેલી આજ્ઞાઓને આત્મસાત કરી તે મુજબ જીવન જીવે તો સંસારમાં ક્યાંય દુ:ખ દેખાશે જ નહીં. અશાંતિ કે અજંપો તેની નજીક પણ ફરકશે નહીં.

ગ્રીષ્મના પરિતાપથી આખો દિવસ ગરમીથી પરેશાની ભોગવ્યા બાદ સમી સાંજે ઠંડા પવનની લહેરખીઓથી જેવી શીતળતા અને રાહતની અનુભૂતિ થાય છે તેવી જ અનુભૂતિ વિદ્યાર્થીઓને પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ વેકેશનની મોજ-મઝા માણતાં થાય છે. સમાજિક જાગૃતિના કારણે દિવસા દિવસ લોકમાનસમાં શિક્ષણની ભૂખ વધતી જાય છે, જે સુંદર ભવિષ્યની સંભાવના દર્શાવે છે. કન્યા કેળવણી દ્વારા સદાચારી અને સુસંસ્કારી સમાજનો પાયો નખાતો જાય છે કારણ કે સંતાનોને સદાચારી અને સંસ્કારી બનાવવમાં માતાની ભૂમિકા વિશેષ હોય છે. મહિલાઓ હવે અબળા નથી રહી, સબળા બની છે. તેમની શક્તિઓ અને કૌશલ્યનો લાભ સૌને મળવા લાગ્યો છે. આજે આપણા ગુજરાતના રાજપાલ અને મુખ્યમંત્રી પદે બે મહિલાઓ જ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બંને મહિલાઓ અને સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારત પર પોતાની કૃપાદૃષ્ટિ કાયમ રાખે તેવી મંગલ કલ્યાણકારી ભાવના સાથે....

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૧

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



**બે પક્ષિઓની કથા :**

આ ઉપનિષદ્‌ના ત્રીજા મુણ્ડકના પ્રથમ ખંડમાં પક્ષિઓના માધ્યમથી જીવ અને બ્રહ્મમાં જે સહસંબંધ હોવા છતાં જીવ અને બ્રહ્મ તત્ત્વમાં નિત્ય ભેદ છે એવું સ્થાપિત કર્યું છે. આ ખંડમાં પક્ષિઓના રૂપકના વર્ણનને કારણે ભારતીય ઔપનિષદિક દર્શનમાં સર્વશ્રેષ્ઠ ઉદાહરણ માનવામાં આવ્યું છે.

''द्वा सुपर्णा सयुजा सखाया

समानं वृक्षं परिस्वजाते ।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो

अभिचाकशीति ॥''

એક વૃક્ષની ડાળી ઉપર બે પક્ષિઓ રહેતાં હતાં. તે સાથે રહેવાના કારણે બન્ને મિત્રો હતાં. પરન્તુ તે બન્નેમાંથી એક જ પક્ષી તે વૃક્ષના ફળોને ખાતું હતું, અને બીજું પક્ષી ફળ ખાતું ન હતું અને ફળ ખાનાર પક્ષીને જોયા કરતું હતું. આ બે પક્ષી બ્રહ્મ અને જીવ છે. અર્થાત્ ઈશ્વર અને મનુષ્ય છે. જીવ આ શરીરરૂપિ વૃક્ષમાં બ્રહ્મની સાથે રહે છે. આ શરીર રૂપિ વૃક્ષમાં ઉત્પન્ન થનાર કર્મ રૂપિ ફળ સુખ અને દુઃખ, રાગ અને દ્વેષ, આસક્તિ અને વિરક્તિને મનુષ્યરૂપિ જીવાત્મા તો ભોગવે છે, પરન્તુ ઈશ્વર તેમાં જરાય પણ આસક્ત ન થઈને, પ્રભાવિત ન થઈને કેવળ જીવાત્માના ક્રિયાકલાપોને જોયા કરે છે.

समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया

शोचति मुह्यमानः ।

जुष्टे यदा पश्यत्यन्यमीशमस्य

महिमानमिति वीतशोकः ॥

એક જ વૃક્ષમાં સાથે જ બે પક્ષિઓ રહેલા છે. તેમાં જીવરૂપિ પક્ષિ આશક્તિમાં ડૂબેલો હોવાને કારણે સાથે જ રહેલું બીજું બ્રહ્મરૂપ જ પક્ષીને જોઈ શકતો નથી. બ્રહ્મરૂપ પક્ષી તો સદાય જીવાત્માની સામે જોયા કરે છે પરન્તુ આ કર્મફળ ભોગવનાર જીવ જ્યારે બ્રહ્મરૂપિ પક્ષીને

પ્રીતિથી ઉપાસના કરીને જોશે તે જ ક્ષણે તે જીવાત્મા સંસારના દુઃખ,શોક થકી મુક્ત થઈને અપહતપાપ્મત્વાદિ આઠ ગુણો યુક્ત પરમાત્માના મહિમાને પામશે.

**यदा पश्यः पश्यते रुक्मवर्णं**

**कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।**

**तदा विद्वानपुण्यपापे विधूय**

**निरञ्जनः परमं साम्यमुपैति ॥**

આ વાત ને ફરી સ્પષ્ટ કરતા કહે છે - જ્યારે દ્રષ્ટા જીવાત્મા સંપૂર્ણ ચરાચર જગતના રચયિતા, બ્રહ્મના આદિકારણ, સર્વના નિયંતા, દિવ્ય પ્રકાશસ્વરૂપ પરમાત્માને જ્યારે જુવે છે ત્યારે બ્રહ્મસ્વરૂપને જાણનારો વાસનાએ રહિત થઈને પરમ પુરુષના સામ્યપણાને પામે છે અને જ્યારે તે જીવાત્માને બ્રહ્મજ્ઞાન થઈ જાય છે અને સ્વભાવમાં પરિવર્તન થવા લાગે છે અને તે મનુષ્ય અભિમાન અને અતિવદિતા (વધારે પડતું બોલવું)ને છોડીને બ્રહ્મના ધ્યાનમાં મગ્ન થઈ જાય છે. અર્થાત્ તેમની ઈન્દ્રિયોની વૃત્તિ અને પ્રવૃત્તિ અંતર્મુખી થઈ જાય છે.

આ ઉપનિષદમાં આટલો ઉપદેશ આપ્યા પછી ઉપનિષદના ઋષિ બીજી એક અગત્યની વાત કરે છે. સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ અને ખાસ કરીને ભારત દેશમાં વિશેષ પ્રસિદ્ધ એવો આ ઉપનિષદનો એક મંત્ર દ્વારા સત્યનું પ્રાધાન્ય અને સત્યની પ્રશંસા કરેલ છે તે મંત્ર આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને સૌ કોઈ નાના મોટા તમામ વિશ્વના લોકોને મુખે આ મંત્ર ગવાતો આવે છે, કારણ કે આ મંત્ર ભારત સરકારે રાષ્ટ્રીય મંત્ર તરીકે સ્વીકાર્યો છે અને ભારતીય મુદ્રામાં તેને સ્થાન આપવામાં આવ્યું તેમજ દેશના તમામ ન્યાયાલયોમાં પણ મુખ્ય સ્થાન પર આ મંત્ર લખવામાં આવે છે. એ સુપ્રસિદ્ધ મંત્ર છે -

**" सत्यमेव जयते" नानृतं सत्येन**

**पन्था विततो देवयानेः ।**

**येना क्रमन्त्यृषयो ह्याप्तकामा**

**यत्र तत्सत्यस्य परमं निधानम् ॥**

સત્યનો જ જય થાય છે અસત્ય ક્યારેય જય પામતુ નથી. વિસ્તારયુક્ત અર્ચિરાદિ માર્ગ પણ સત્યથી સિદ્ધ થાય છે, આત્માસ્વરૂપના સાક્ષાત્કારવાળા ઋષિયો તૃષ્ણાએ રહિત જે સત્યરૂપી માર્ગથી પ્રાપ્ત કરે છે જ્યાં તે સત્યનો સર્વોપરિ પ્રાપ્ય નિધિ છે.

પરમાત્મા સ્વયં પૂર્ણ પ્રકાશમાન સત્ય સ્વરૂપ છે. આવા પરમાત્માને ઓળખવા માટે મનુષ્યની બુદ્ધિ અને દૃષ્ટિ ટૂંકી પડે છે. કોઈ મનુષ્ય આપ બડે અથવા સ્વ સાધન કરીને બ્રહ્મને ઓળખી શકતા નથી. તો કેવી રીતે પરબ્રહ્મને ઓળખી શકાય છે ? ઉપનિષદ સ્વયં માર્ગ બતાવે છે.

**नायमात्मा प्रवचनेन लभ्यो**

**न मेधया न बहुना श्रुतेन ।**

**यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैव**

**आत्मा विवृणुते तनुं स्वाम् ॥**

**नायमात्मा बलहीनेन लभ्यो**

**न च प्रमादात्तपसो वाप्यलिङ्गात् ।**

**एतैरुपायैर्यतते यस्तु विद्वांस्तस्यैव**

**आत्मा विशते ब्रह्मधाम ॥**

આ પરબ્રહ્મ પરમાત્મા પ્રવચન કરવાથી

પ્રાપ્ત થઈ શકે તેમ નથી. ઘણું શાસ્ત્ર શ્રવણ કરવાથી પણ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. બુદ્ધિથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી પણ જેનો પરમાત્મા સ્વયં સ્વીકાર કરે છે તેનાથી જ પ્રાપ્ત કરી શકાય છે. અને પરબ્રહ્મ તેનો જ સ્વીકાર કરે છે જે તેને પામવા માટે અત્યંત ઈચ્છા - અભિલાષા કરે છે. જે તેના વગર રહી ન શકે. જેવી રીતે જળ વિના માછલી નથી રહી શકતી અને ચાતક પક્ષી વર્ષાદનું જ જળ પીવે છે તેવી રીતે જે બ્રહ્મને પામવાની ઈચ્છાવાળા છે તેના માટે પરમાત્મા પોતાના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે છે.

પરમાત્માને શારીરિક અને માનસિક બળથી રહિત મનુષ્ય પ્રાપ્ત કરી શકતો નથી. મનની એકાગ્રતાના અભાવરૂપ પ્રમાદથી પણ પ્રાપ્ત કરી શકે નહિ. આશ્રમ અને વર્ણથી રહિત તપથી પ્રાપ્ત કરી શકે નહિ અને જે વિદ્વાન્ આત્મનિષ્ઠારૂપિ બળાદિ ઉપાયોથી પરમાત્માના ધ્યાન માટે પ્રયત્ન કરે છે તે વિદ્વાન બ્રહ્મપુર નામના ધામમાં પ્રવેશ કરે છે.

ત્યારપછી ત્રીજા મુંડકના બીજા ખંડમાં આગળ જણાવેલ સકામ અને નિષ્કામભાવને વિશેષ સ્પષ્ટ કરતાં ઋષિ કહે છે કે - બુદ્ધિમાન, જ્ઞાનવાન પુરુષ વિચાર કરીને નિષ્કામભાવથી પરમ વિશુદ્ધ પ્રકાશમાન બ્રહ્મને પ્રાપ્ત કરીને જન્મ-મરણ અને વારંવાર ગર્ભવાસના ચક્રથી મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરી લે છે. બીજો જે સકામી પુરુષ છે તે પોતા માટે જે સાંસારીક ભોગોની ઈચ્છા કરે છે. તે આ ઈચ્છાઓની પ્રાપ્તિ પછી ફરી જન્મ લે છે અને આ સંસારમાં આવાગમનરૂપી ચક્રમાં ફરી ફરી ફર્યા કરે છે, કારણ કે તે પુરુષને કર્મફળ બાંધી રાખે છે. પરન્તુ જે પૂર્ણકામ અર્થાત્ જેમની ઈચ્છાઓ અથવા તૃષ્ણાઓ સમાપ્ત થઈ ગઈ છે તે પોતાને ઈચ્છાઓમાં વિલીન ન કરીને માત્ર પરબ્રહ્મમાં પોતાને વિલીન કરી દે છે. જેવી રીતે..

**यथा नद्याः स्यन्दमानाः समुद्रेऽस्तं**

**गच्छन्ति नामरूपे विहाय ।**

**तथा विद्वान्नामरूपाद्विमुक्तः**

**परात्परं पुरुषमपैति दिव्यम् ।**

તેથી પ્રમાદ, મનની ચંચળતા, ભોગ - વ્યસનનોને છોડીને તે પરમાત્માને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ જેવી રીતે વહેતી નદી પોતાનું નામ અને રૂપથી રહિત થઈને સમુદ્રમાં વિલીન થઈ જાય છે તેવી રીતે જ્ઞાની પુરુષ પોતાની અંદર કળાઓ અને મન, નામ, રૂપથી રહિત થઈને દિવ્ય વિગ્રહ ધારણ કરીને અતિ પ્રેમ મગ્ન થઈને બ્રહ્મમાં એકાત્મભાવને પામે છે. અર્થાત ભગવાનની સેવાને પ્રાપ્ત કરે છે.

અંતમાં મહર્ષિ અંગિરા કહે છે કે વર્ણ, આશ્રમ અને પરિસ્થિતિને અનુસારે નિષ્કામ કર્મ કરનાર વેદોને જાણનાર, પરબ્રહ્મમાં શ્રદ્ધા રાખનાર તથા એકર્ષિ નામથી પ્રસિદ્ધ અગ્નિમાં હવન કરનારને જ આ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવો જોઈએ. આ ઉપદેશની સાથે આ મુંડક ઉપનિષદની સમાપ્તિ થાય છે.

ક્રમશઃ

## જૂન મહિનાની આગામી કથાઓ

| તારીખ | નામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૨૪-૬-૧૪ થી | સામત્રા | શીવજીભાઈ સામજી વરસાણી |

# ઊઠો જાગો ઘનઘોર ઉંઘથી




અહેવાલ : હિંમ્મતભાઈ ઠક્કર 'રઘુવંશી'

શિક્ષાપત્રી શ્લોક ૯માંનો ભાવાર્થ :-

તાનુલ્લંઘ્યાત્ર વર્તન્તે યે તુ સ્વૈરં કુબુદ્ધય: ।
ત ઈહામુત્ર ચ મહલ્લભન્તે કષ્ટમેવ હિ ।।

કુબુદ્ધિવાળા જે મનુષ્યો સચ્છાસ્ત્રોમાં કહેલા અહિંસાદિક સદાચારોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર વર્તન કરે છે તે મનુષ્યો તો આ લોકમાં અને પરલોકમાં મહા દુ:ખીયા થાય છે.

આપણે રહ્યા બુદ્ધિજીવી માનવો. આપણે શું કરવું એ આપણા જ હાથમાં છે ને ..! આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ કે સદાચારનું ઉલ્લંઘન અને સ્વેચ્છાચારી વર્તનનું પરિણામ છે અનિર્વચનીય દુ:ખ.

શ્રી ભગવદ્‌ગીતા કહે છે - ય: શાસ્ત્ર વિધિમૃત્સૃજ્ય વર્તતે કામકારત: । ન સસિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાંગતિમ્ ।। ઉલ્લંઘન કરનારાઓનો આલોક તો બગડે જ પણ પરલોકમાં પણ સારી ગતિ પામતા નથી.

શ્રી ભાગવતજીના કથન પ્રમાણે - યદસૌ શાસ્ત્રમુઉલ્લંઘ્ય સ્વૈર્યાચાર્યાયગર્હિત: । અવર્તત ચિરં કાલમધાયુરશુચિર્મલાત ।। કુમાર્ગના અંતિમ ચરણો સુધી પહોંચી ગયેલ અજામેલે અંતકાળે પુત્ર નારાયણને વારંવાર સાદ દીધોને પરિણામે સમગ્ર જીવન દરમિયાન કરેલા કૂડા અને અધમ કર્મોને પરિણામે એક બાજુ યમદૂતો તેને નર્કમાં લઈ જવા અને બીજી તરફ નારાયણ નામ રટનથી ભગવાન શ્રીવિષ્ણુના પાર્ષદો તેને લઈ જવા બાખડી પડ્યા. આ કથાનો સુખદ અંત તો સૌ જાણે જ છે. આપણે માત્ર સાવધાન થવું જરૂરી છે.

શ્રીહરિના અભિપ્રાયે જો આપણે બન્ને હેતુઓની સાથે શિક્ષાપત્રીને ધારણ કરીએ તો મહાસુખિયા થઈએ. આપણે સૌ નિષ્ઠાવાન સત્સંગી હોઈ મર્યાદાઓ નો ત્યાગ કરનારા નહિ બનીએ. તેથી આ બન્ને હેતુઓ સાથે એકાગ્ર મનનું અવધારણ કરી મળેલ અમૂલ્ય માનવ દેહને, મોક્ષધામે જ લઈ જવાનું છે. વળી આપણા સૌના - વેરી વેરી ગુડગાઈડ - તો શ્રીજી મહારાજ જ છે ને. આડબીડ જંગલમાં ગાઈડ રસ્તો બતાડે ને ગાઈડ વગર ઘનઘોર વન રવાડે ચઢાળે તો -

" કામ જીવને લંપટ કરે
ક્રોધ ભૂલાવે સાન - ભાન,
લોભી ભેખું કરી મરે,
મત્સર આખું આયખું હરે....!

તેથી જ - શિક્ષાપત્રી પ્રતિપાદિત કરે છે કે કુબુદ્ધિ સદ્‌શાસ્ત્ર નું ઉલ્લંઘન કરાવે. ગેરમાર્ગે દોરે અને અવડે માર્ગે ફૂંટાવે ને કૂડાંને ન કરવાના વર્જ્ય કર્મો કરાવી ને મન - બુદ્ધિ - ચિત્ત - અહંકારની ચંડાળ ચોકડી કેદિયો બનાવે આખાંયે આયખાંને ગંધાવે.

શાસ્ત્ર કથન પ્રમાણે પ્રભુએ માનવીને તેમનામાં છે તેવી દિવ્ય શક્તિઓ એટલા માટે

બક્ષી છે કે માનવી પણ પોતાનું આગવું સર્જન કરી શકે. બાળક તો કેરી ખાટી છે. તેનાં પર જે અક્ષર લખો તે જ દેખાશે. અક્ષર એટલે ક, ખ, ગ, ઘ... અને અક્ષર નો દિવ્ય અર્થ છે... અવિનાશી.

સદ્‌શાસ્ત્રો મૂળાક્ષરથી અવિનાશી સુધીની અક્ષર યાત્રા કરાવી શકે છે. આવા દિવ્ય મૂળાક્ષરો ઘુંટાવવાવાળા સદ્‌ગુરુની જ અબૂધ માનવ બાળને જરૂર છે. નહિ કે માત્ર રોટી-કપડાં-મકાનને રળી લાવનારી અહંકેન્દ્રી શિક્ષણ કે.. ક,ખ,ગ,ઘ.. અક્ષરોની.. ! બાળકને જન્મજાત મળેલ કાળીમેશ કર્મ પાટી પર તો પરમાત્માના દિવ્ય ઊજાશ પાથરી ‘અક્ષરની’ અવિનાશી સમજણ તો માત્ર સદ્‌ગુરુજ આપી શકે.

સત્સંગીઓ જરા ઠંડે કલેજ વિચારજો કે ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી સહજાનંદ સ્વામી મહારાજ સ્વરૂપે શિક્ષાપત્રી જણાવી રહ્યા હોઈ સત્સંગીઓએ તો માત્ર આધ્યાત્મિક ધોરી માર્ગપર રહી-પઢીને પૂર્ણતાજ પ્રાપ્ત કરવાની છે અને તે પૂર્ણતા મેળવવાની સમજ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ધીરે ધીરે તેમના રોજીંદા જીવનમાં તાણે-વાણે વણી શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે અનુસંધાન સાધતા જવાનું છે. આવુ અનુસંધાન જ આલોક-પરલોક બન્નેને સફળ અને પરમ આનંદિત કરનાર બને, જો તે પ્રમાણે વર્તાય તો....

“ચલ, ઊઠ, જાગજા ગહરી નીંદસે,
ષડરિપુઓં કો સહલોકે સુલાદે,
અજ્ઞાનકા અંધેરા છંટ જાયેગા,
તૂ શિક્ષાપત્રી કી જ્યોત જલાદે.”

જો આમ થાય તો, આલોકની જન્મદાતા માતા અને પરલોકના પરબ્રહ્મ બન્ને સત્સંગીઓ પર રાજીના રેડ થઈ જાય કેમ કે....

“મા સીખાએ હંસના, ખાના, ખેલના,
શ્રીહરિ સીખાએ પરમાનંદમેં તૈરના.”

# લાલજીભાઈ સુથાર

પોકાર અરવિંદકુમાર રામજીભાઈ - સુરત

લાલજીભાઈ સુથાર એટલે કે નિષ્કુળાનંદ મુનિ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સૌરાષ્ટ્રના હાલાર દેશમાં આવેલા શેખપાટ ગામમાં થયો હતો. તે જ્ઞાતિએ સુથાર હતા. તેમના પિતાનું નામ રામભાઈ હતું. અને માતાનું નામ અમૃતબા હતું. રામભાઈએ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામી કે જે સમાધિનિષ્ઠ સમર્થ હતા. તેમને ગુરુ કર્યા હતા. રામભાઈ પ્રથમ લતીપુર ગામમાં રહેતા પરંતુ તે ગામના અજ્ઞાનીજનોના ગુરુ ઉપર અકારણ દ્વેષ રાખતા હોવાથી તે સહન ન થવાને કારણે પોતાના મૂળ વતનનો ત્યાગ કરીને શેખપાટ ગામમાં આવીને રહ્યા. ગુરુ પ્રત્યે આવી પોતામાં દેવવત્ ભક્તિનિષ્ઠા જોઈને બહુ પ્રસન્ન થયેલા ગુરુના આશીર્વાદથી રામભાઈને જ્ઞાનાદિ સર્વે અર્થો પ્રકાશ પામ્યા હતા. વળી પ્રસન્ન ગુરુએ વધારામાં એવો વર આપેલો કે તમારે ત્યાં એક સમર્થ ભગવત્ ભક્ત મુક્તપુરુષ અવતાર લેશે. અને તે અનેક મહાકાર્યોને મોટી કીર્તિ મેળવશે.

સમય જતાં સવંત ૧૮૨૨માં પુત્રરત્ન નો જન્મ થયો. પુત્રનું “લાલજી” એવું સમર્થ નામ પાડ્યું. લાલજીના અંતઃકરણમાં બાલ અવસ્થાથી સ્વધર્મમાં અભિરૂચિ, વૈરાગ્યની તીવ્રતા, આત્મજ્ઞાનની ઉત્કંઠા પરમેશ્વર પ્રત્યે

અનન્ય ભક્તિભાવનો જન્મસિધ્ધ હતો. પોતાની ઈચ્છા નહી હોવા છતાં રીવાજ મૂજબ બાળવયમાંજ પિતાના આગ્રહથી પરણાવ્યા હતા. તેમની પત્નીનું નામ કંકુબાઈ હતું. સમય જતાં લાલજીને ત્યાં પ્રથમ પુત્ર રાઘવજીનો જન્મ થયો હતો. અને બીજા પુત્ર તરીકે કાનજીનો જન્મ થયો હતો. આમ લાલજીને બે દિકરા હતા. માતા-પિતાના અક્ષરવાસ પછી પોતે વ્યવહારકાર્યમાં પ્રર્વત્યા છતાં જનક રાજાની પેઠે અનાશક્ત અને નિર્લેપ હતા. સમગ્ર વૃત્તિઓ આત્મનિવેદી અંબરીશ રાજાની પેઠે પરમેશ્વર પારાયણ હતા.

એક સમયે લાલજી ઉદ્ધાવતાર રામાનંદ સ્વામીના શિષ્ય થયા. તેમનાં દર્શન કરવા લોજ ગયા. પૂર્વના શુભ સંસ્કારવત્ તેમને તીવ્રતમ વૈરાગ્યનો ઉદય થવાથી ત્યાગી દીક્ષા ગ્રહણ કરી ગુરુ સેવામાં રહેવાની પ્રાર્થના કરી. સ્વામીએ લાલજીની વ્યવહાર દશામાં પણ પરમહંસ જેવી વિરક્ત દશા જોઈને ત્યાગી દિક્ષાની ના પાડી. અને અતિ આગ્રહથી પાછા ઘેર મોકલ્યા જરૂર પડશે તો બોલાવી લેવાનું વચન આપ્યું. આ વચન પાછળથી શ્રીહરિએ પૂર્ણ સફળ કર્યું.

ગૃહમાં રહેલા લાલજી આખો દિવસ કૃષિ શિલ્પ ગૃહકાર્ય કરવા છતાં પણ રાત્રીએ પોતાના ગામથી ત્રણ ગાઉ દૂર આવેલા ભાદરા ગામે જતાં અને ત્યાં રહેલા પરમભક્ત એમના મિત્ર મૂળશર્મા જે પાછળથી સાધુ દિક્ષા સ્વીકારી ગુણાતીતાનંદ નામથી પ્રસિધ્ધ થયા હતા. તેમની સાથે મળીને આખી રાત્રી આત્મા પરમાત્માના શ્રવણ મનન નિદિ દયાસમાં નિર્ગમન કરતાં અને પ્રસંગોપાત સેવા સમાગમ માટે રામાનંદ સ્વામી સાથે પણ ઘણા દિવસો વ્યતિત કરતા.

જ્યારે શ્રીહરિ વર્ણી વેશે લોજમાં મુક્તાનંદ સ્વામીને મળ્યા અને સમાધિ વગેરે અલૌકિક ઐશ્વર્ય બતાવવા લાગ્યા. અને તેથી વર્ણીનો મહિમા રામાનંદ સ્વામી કરતાં પણ ગામોગામ અધિક સંભળાવવા લાગ્યો. તે જાણીને લાલજી તો રામાનંદ સ્વામીનો દ્રઢ નિશ્ચય હોવાથી એ ઠીક નહી લાગવાથી વર્ણીનો મહિમા ઓછો કરવાના આશયથી સ્વામીની આજ્ઞા લોજમાં વર્ણીના દર્શન કરી આવવાની અને ભુજ નહી આવવાની હતી. છતાં ભુજનગર ગયાં અને વર્ણીના વધેલા મહિમાની વાત કરી અને તેને સમાવવાની વિનંતી કરી. સ્વામીતો સર્વે ભેદ જાણતા હતા. પણ પ્રકાશ કરવાનો પ્રસંગ નહીં આવવાથી કરેલો નહીં. પણ આ પ્રસંગનો ભેદ ખુલ્યો અને લાલજીનો ભ્રમ નિવૃત્ત કર્યો. શ્રીજીનો મહિમા પ્રથમ તો સાંભળ્યો હતો. પણ ગુરુ વચનથી અતિ સુદ્રઢ થયો. અને શ્રીજીને સર્વોવતારી ભગવાન જાણ્યા. લોજમાં આવીને અશ્રુપાત સાથે પ્રણામ કર્યા. પ્રસન્ન થયેલા શ્રીહરિએ એવું વચન આપ્યું કે વૈરાગ્યમાં શુકજી સમાન થશો.

સમય જતાં શ્રીહરિએ વિકટ દેશ કચ્છના વિચરણ કરવાની ઈચ્છા થતાં લાલજીને કયુ કે તમારા જેવો કોઈ સારો ભક્ત માર્ગનો ભોમીયો શોધી આપો. આ ઉપરથી બીજાની શોધ ન કરતાં ગૃહત્યાગ કરવાનો અને શ્રીહરિની દુર્લભ સમીપ સેવાનો સમય પ્રાપ્તિ થયેલો જાણી પોતે જ શ્રીજી સાથે જવાની ઈચ્છા બતાવી. કચ્છની વિકટ વાટનું વિજ્ઞાન હોવાથી ઉપયોગી તમામ વસ્તુ લીધી.

આગળ ચાલતાં ચાલતાં આધોઈ ગામની ભાગોળે આવ્યા. માર્ગમાં ચાલીને થાકી ગયેલા અને ક્ષુધાતુર થયેલા શ્રીહરિએ સેવક લાલજીને કહ્યું કે આ ગામમાંથી ભિક્ષા માગી

લાવો. ત્યારે લાલજીએ કહ્યું કે હું ભિક્ષા માગવા જાઉ તો આ ગામમાં તો ઘણા લોકો મને ઓળખે છે. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તેમને કોઈ ઓળખે નહિ એમ કરીએ તો કેમ લાગે ? એમ કહીને એજ મુહૂર્તમાં લાલજી સુતારની મુછ અને માથાના વાળ ઉતારી વસ્ત્રો ઉતરાવી એક કોપીન અને અલફી પહેરાવી દિક્ષા આપી “નિષ્કુળાનંદ” એવું સાર્થક નામ આપ્યું. ત્યારથી સત્સંગમાં વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીથી પ્રસિધ્ધ થયા.

સાધુ દિક્ષા લીધા પછી સર્વ ગુણ સંપન્ન નિષ્કુળાનંદમુનિ આત્મગુણવૃત્તિ, સર્વોપયોગી ગ્રંથ, નિર્માણવૃત્તિ અને શિલ્પવૃત્તિથી સંપ્રદાયી સુજનોમાં મોટી મહત્તા મેળવી. તેમણે પોતાનું જીવન સાદું, સાત્ત્વિક અને તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરે સુગુણવાળુ નિર્ગમન કરેલું. દિક્ષા લીધા બાદ અક્ષરવાસ સુધી અનેક ગ્રંથો કર્યા સાથો સાથ વૈરાગ્યમયી કીર્તનોની રચના કરેલી.

સવંત્ ૧૯૦૨માં છેલ્લો ગ્રંથ ભક્તિનિધિ કરેલો. આ પ્રમાણે પોતે અનેક કાવ્યની રચના કરી કૃત કૃત થઈને બીજાઓ માટે પરમાર્થ કરી આપીને સવંત ૧૯૦૪માં ધોલેરા ધામમાં રહીને અક્ષરવાસ થયા. વૈરાગ્યમૂર્તિ આ પવિત્ર ભુમિ ઉપર ‘૮૨’ વર્ષ સુધી દેહ રાખ્યો હતો. પોતે ગૌરવર્ણવાળા ઉન્નત અને કૃશ હોવા છતાં તેજસ્વી, સૌમ્ય અને વૈરાગ્યમય હતા. આવા કવિવર સપૂત સંત સંપ્રદાયને ગ્રંથોનો મોટો અલભ્ય લાભ સર્વોપયોગી આપી ગયા. એમનો મોટો ઉપકાર સ્મરણમાં રાખવો એ આપણું કર્તવ્ય છે. ધન્ય ધન્ય ધન્ય છે આ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદજીને ધન્ય છે લાલજીભાઈ સુથારને.

# અતિઆવશ્યક જાણવા જેવો મહારાજનો આજ્ઞાપત્ર

રસિકભાઈ રા. ગોળવિયા - સુરત વેળાવદરવાળા

આજે સત્સંગમાં ગૃહસ્થ હરિક્તોને સંતો, આચાર્ય મહારાજશ્રી કે મંદિરના વ્યવસ્થાપકો કે અધિકારીઓને આમંત્રણકાર્ડ લગ્ન પ્રસંગે કે મરણપ્રસંગે ન આપવા મહારાજે સ્પષ્ટ આજ્ઞા કરી છે. અને ભવિષ્યમાં પણ ક્યારેય દેવમંદિર, સંત કે આચાર્ય મહારાજ સાથે વ્યવહારિક સંબંધ રાખવા નહિ કારણ તેથી અભાવ અવગુણ આવે છે અને ગૃહસ્થ હરિભક્તનું સત્સંગમાં ભૂંડું થાય છે. આપણે અનેક હોઈએ છીએ. તેઓ મહારાજશ્રી તો એક અને સંત પણ જૂજ હોય છે તો તેવા પ્રસંગોએ(ધાર્મિક કે સભાપ્રસંગ સિવાયના) ગૃહસ્થને ત્યાં આવવું તે બરાબર નથી.બધી જ જગ્યાએ પહોંચી વળે નહીં. આથી ગૃહસ્થ સત્સંગીઓને માઠું લાગતું હોય છે. અંતે અભાવ અવગુણના લીધે મોક્ષ કલ્યાણ બગડી જાય છે. માટે શ્રીહરિએ ગૃહસ્થ હરિભક્તોને તેમના વ્યવહારિક કામમાં સંતો, આચાર્ય મહારાજ સાથે સંબંધ પાડ્યાનો નિષેધ કરેલ છે જ છતાં શ્રીહરિએ શુકમુનિ પાસે તેવા મતલબનો નિષેધ માટે પત્ર પણ લખાવ્યો હતો અને દરેકને પહોંચાડ્યો-વંચાવ્યો હતો. તદ્ઉપરાંત સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં નિષેધ વાક્યો. જે ગૃહસ્થના વ્યવહારિક કામમાં સંતો, આચાર્યને ન બોલાવવા, ન આમંત્રણ આપવું તે કીર્તનમાં વર્ણવ્યું છે. “પોતાને ઘેર વિવાહ આદિક મંગળ કારજ હોય રે, અમ ઉપર કંકોતરી તેની ન લખવી

કોઈએ રે, આચારજ કે મોટેરા સાધુ કે અધિકારી રે, તે પર પણ ક્યારેય કંકોત્રી લખવી નહીં વિચારી રે, તેમજ મરણકાળે વળી પણ હરિગુરુ પર ન લખાય રે, લેણ દેણ કર્યાથી જન અપરાધી થાય રે." આમ મુક્તાનંદ સ્વામીએ કીર્તન દ્વારા મહારાજનો આજ્ઞાપત્ર જે નિષેધપત્ર છે તે વર્ણવ્યો છે.

મહારાજે લખાવેલ શુકમુનિ પાસે આજ્ઞાપત્ર જોઈએ,

"લખાવિતંગ સ્વામીશ્રીનું શ્રી સહજાનંદજી મહારાજ જનસત્સંગી બાઈ-ભાઈ સમસ્ત નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજી તે બંને તમારા સર્વેના તથા પરમહંસ સંતો સર્વેના ગુરુ કર્યા છે. તેઓની આજ્ઞામાં તમારે સહુએ રહેવું. અને પોત પોતાની સામર્થી પ્રમાણે અન્ન, વસ્ત્ર કરીને એમની ચાકરી કરવી અને પોતાને જો આપતકાળ પડ્યા હોય તો પણ એમનું કરજ કાઢવું નહી. તથા એમના મંદિરમાંથી કરજ કાઢવું નહી. તથા એમના મંદિરમાંથી વસ્ત્રાલંકાર, તાંબા પિત્તળના વાસણો, બળદ, ઘોડાગાડીએ આદિ જે જે વસ્તું તે અયોધ્યાવાસીના હોય તે પોતાના ઘર સારું તથા કોઈના સારું માંગીને ક્યારેય લઈ જવા નહીં. કેમકે તે ઠાકોરજીના પદાર્થો છે તે તો પૂજવા યોગ્ય છે પણ પોતાના કામમાં વાપરવાં યોગ્ય નથી. અને તે વાપરે તો મોટો દોષ લાગે છે."

"બીજું ખાસ પોતાને ઘેર વિવાહ આદિક મંગળકાર્ય હોય તેની કંકોત્રી અમારી ઉપર તથા અયોધ્યાવાસી ઉપર તથા મંદિરના અધિકારી ઉપર લખવી નહિ."

બીજું આ સર્વે વાત અમોએ લખી લખાવી છે તે વ્યવહાર માર્ગની છે. જો ઠાકોરજી સાથે તથા પોતાના ગુરુ સાથે કરે તો લીધા દીધામાં તેમની સાથે વિવાદ જરૂર થાય ત્યારે તેમનામાં અભાવ અવગુણ આવે. અને પછી તે પાપ કરીને પરલોકમાં અતિશય ભૂંડું થાય અને હમણા આ લોકમાં પણ તેની અપકીર્તિ થાય ને માણસમાં તેની લાજ જાય તેમજ મંદિર કે ગુરુના આસને ગાંઠનું ખર્ચ ખાવું.

અને આ કાગળમાં અમોએ જે જે વાર્તા લખી છે તેમાં જે કોઈ ફેર પાડશે. તો તે અમારા સત્સંગી નથી ને તે વચનદ્રોહી અને ગુરુ દ્રોહી છે તેમ સર્વેએ જાણવું.

બીજું આ વાતની પરસ્પર સર્વે સત્સંગીએ જાણ કરાવવી. તે ભલામણ સર્વે સાધુ તથા સર્વે સત્સંગીને છે. સવંત ૧૮૮૫ના મહાવદ-૧૨ લીખીતંગ શુકમુનિના નારાયણ વાંચજો.

શ્રી હરિએ આ આજ્ઞાપત્ર ગૃહસ્થોને ખાસ ભાર દઈને લખેલ છે. તો દરેક શિરોમણી અવશ્ય પાળવી. માટે કોઈ ગૃહસ્થોએ ક્યારેય પણ લગ્ન કંકોત્રી કે મરણમેલો મંદિર સંત કે આચાર્ય મહારાજ ઉપર મોકલવો કે સંદેશો પણ આપવો નહીં. (કોઈ દ્વારા ખ્યાલ આવે અને ફોન કે કોઈના મારફતે સમાચાર મોકલે એ વાત અલગ છે). શુભ પ્રસંગે જરૂર આશીર્વાદ માંગી શકાય છે. પણ કંકોત્રી કે મરણપત્ર લખી તેડાવવાનો આગ્રહ ક્યારેય રાખવો નહીં. આ આજ્ઞાપત્રથી ગૃહસ્થએ ત્યાગી અને આચાર્ય સાથે વ્યવહારિક સબંધથી નહીં પણ ધર્મનિયમ પ્રમાણે રાખવો ઘટે આ આજ્ઞા શિક્ષાપત્રીમાં પણ આડકતરી રીતે વર્ણવી છે. માટે આ પત્ર દ્વારા સર્વે ગૃહસ્થ સત્સંગીએ ધ્યાનમાં લઈ ધર્મ મર્યાદા વિવેક વ્યવહાર જરૂર રાખવો.

# આપણી અપેક્ષા

ગોર કૃપાબેન પ્રકાશભાઈ, ભુજ

એક માણસને ભગવાન ઉપર બહુ જ શ્રધ્ધા હતી. રોજ ભગવાનની મૂર્તિની પૂરા તન, મન અને ધનથી પૂજા કરતો હતો. એક દિવસ ભગવાનને કહ્યું, તમે મારી સાથ વાત તો કરો. ત્યારે જ કોયલે એક મધુર ટહુકો કર્યો. પણ પેલા માણસનું એ તરફ ધ્યાન જ ન ગયું.

પછી તે માણસે ભગવાનની મૂર્તિની સામે જોઈને વિનંતી કરી, હે ભગવાન મારી સાથે બોલો તો ખરા ! એ જ સમયે છવાયેલા વાદળોમાંથી વીજળી થઈ અને એક લાંબી ગડગડાટી ચાલી, પરંતુ પેલા ખોવાયેલા માણસને એનો ખ્યાલ ન આવ્યો.

એક રાત્રે તે ભગવાનની મૂર્તિ સામે બેસી કહે 'હે ભગવાન મારે તારાં દર્શન કરવા છે ! તમે મને દર્શન આપો ! તે જ સમયે આકાશમાં એક તારો પૂરા તેજ સાથે ચમકી ઊઠ્યો, પરંતુ પેલો માણસ એ જોઈ ન શક્યો.'

પેલો માણસ ભગવાનની મૂર્તિ સામે બેસી પૂરા લાગણી ભરેલા સ્વરે ભગવાનને પ્રાર્થના કરી, 'આજે તો તું મને ચમત્કાર બતાવ.' એ જ સમયે તેની પત્નીને પ્રસૂતિની પીડા ઊપડી, તેને તુરંત દવાખાને લઈ જવી પડી. થોડા જ વારમાં તેણે સુંદર તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો. પણ પેલા માણસને કંઈ સમજાયું નહિ.

હવે પેલો માણસ ભગવાનની મૂર્તિ સામે ઉપવાસ કરીને બેઠો અને પ્રાર્થના કરવા લાગ્યો 'હે ભગવાન મને ખાતરી કરાવ કે તું છે જ. તું મને સ્પર્શીને ખાતરી કરાવ તો જ હું માનીશ અને મારા ઉપવાસ પૂરા કરીશ. ભગવાન અતિ સુંદર પતંગિયાના સ્વરૂપે પેલા માણસના હાથ પર બેઠા. પેલા માણસે હાથ પર બેઠેલા સુંદર પંતગિયાને ઉડાડી મૂક્યું.' અને દુઃખી થતો બોલ્યો, '' ભગવાન ક્યાંય છે જ નહીં !

આમ, આપણે જે જે આશીર્વાદ મળે એવી આશામાં આપણે કેટકેટલા આશીર્વાદ અને ચમત્કારોની પ્રતિતી ગુમાવી દઈશું. ભક્તો આપણે જો સાચા હૃદયથી પ્રભુને યાદ કરતા હશું તો પ્રભુ ગમે તે સ્વરૂપમાં આપણને દર્શન દેવા આવે તો આપણે એને જરૂર ઓળખી જઈએ.

# સાધન નહિ પણ સબંધની કિંમત છે

ડો. એચ. વી. કેરાઈ

સત્સંગમાં નિશ્ચય માટે મહિમા જાણવાની જરૂર છે. અને ખરી રીતે જોવા જતાં નિશ્ચય હોય તો જ મહિમા સમજાય છે. અરસ પરસ સમજવાની વાત છે.

ભગવાનનો મહિમા સમજવા માટે કે ભગવાનમાં નિશ્ચય રાખવા માટે સત્પુરુષની જરૂર પડે. ઈશ્વર જ્યારે જ્યારે આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. ત્યારે ત્યારે સત્પુરુષોને સાથે લેતા આવે છે.

શરીરે કરીને ભગવાનના ભક્તમાં કોઈ અપંગ હોય, કોઈ બોડો હોય, કોઈ બેડોળ હોય તે કોઈ આંધળો હોય - તેઓ જ્યારે

શરીરનો ત્યાગ કરે છે ત્યારે પ્રભુના દરબારમાં એ સુંદર શરીરધારી મુક્ત હોય છે. એની કોઈ જ શારીરિક ખામી પ્રભુના ધામમાં જાય ત્યારે દેખાતા નથી. આ વિકારો શરીરના છે આત્માના નહિં.

આજે હકીકતમાં સાધનની નહિ પણ સબંધની કિંમત છે એ વાત મોડી કે વહેલી સમજવાની જ રહી.

ઈશ્વર કે ઈશ્વરના ભક્તમાં દેહભાવ ટળી જાય ત્યારે જ સાચો આનંદ અને સાચી સમજણ શક્તિ આવે. ભગવાનના સત્પુરુષમાં જે દોષ પરઠે છે એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. અને કામ, ક્રોધ, મોહ જેવા શત્રુઓએ એના મનમાં આવીને નિવાસ કરે છે. જેમને મોટા સંત પુરુષોમાં પણ મનુષ્ય ભાવ આવ્યો તો એ આગળ વધી ન શકે. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ગમે તેવો હોશિયાર હોય પણ એની બુધ્ધિ ભ્રષ્ટ થઈ જાય...

મહાભારતમાં દ્રોણ પુત્ર અશ્વસ્થામાં એનાં પૂન્યના બળે કરીને ચિરંજીવ બન્યો પણ અંતે ભગવાન શ્રીકૃષ્ણમાં મનુષ્ય બુધ્ધિ પરઠી તો એનું કલ્યાણ ઉધારે પડ્યું.

જેને ભગવાન કે ભગવાનના પરમ ભક્ત સાથે વેરભાવ બંધાય તેને તો અસુર જ કહેવાય.

ભગવાન તો સર્વકર્તા છે પૃથ્વી પર રહ્યા સતા એ પૃથ્વીનો આધાર છે. સૂર્ય અને ચંદ્રને પ્રકાશના દેનાર છે. ઈશ્વરમાં આવી અદ્‌ભુત સામર્થી છે છતાંય જીવોના કલ્યાણ અર્થે પોતે મનુષ્ય જેવા થઈને ભક્તોને લાડ લડાવે છે.

ભગવાન ભજવાનાં તમામ સાધનોને દિવ્ય સમજવાં. એમના સબંધવારી તમામ વસ્તુઓ પણ દિવ્ય સમજવી. ભગવાનનું અંગેઅંગ દિવ્ય છે. ભગવાનનો પહેરવેશ પણ દિવ્ય છે. એમાં માયિક ભાવ કદી રખાય નહિ. ભગવાન આ પૃથ્વી પર જ્યારે મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે એમની વર્તુણુક પણ મનુષ્ય જેવી રહે છે.

ભગવાને જે વસ્તુનો સ્પર્શ કરે તે દિવ્ય ભાવ પામી જાય છે પછી ભલેને એ ભગવાનના ચરણ હોય, પગરખાં હોય કે નખ હોય, કિંમત સાધનની નથી પણ સબંધની છે.

ભગવાનનો સબંધ હોય તો બધી ક્રિયા નિર્ગુણ થઈ જાય. ચાતુર્માસમાં લોકો કંઈને કંઈ નિયમો લે છે. પણ ઊંડા ઉતરીએ તો ખ્યાલ આવે કે એ સઘળા નિયમમાં ભગવાનનો સબંધ હોય છે. આમાં મહત્ત્વ નિયમનું નથી પણ નિયમમાં રહેલ પ્રત્યક્ષ ભગવાનનો સબંધ તેનું છે.

ભગવાનના સબંધ વગર ગમે તેટલા સત્કર્મ કરો કે નિયમ ધારણ કરો પણ ભગવાનના સબંધે યુક્ત તે સાધન તેના તુલ્ય ન થાય. ભગવાનના સબંધવાળો એક પણ નિયમ ભક્તિએ કરીને વિશેષપણે ધારવાથી સઘળું પાર પડે છે.

જે ક્રિયામાં ભગવાનનો સબંધ ન હોય તે સઘળાં સાધનો શ્રમમાત્ર છે. ભગવાનના સબંધે સહિત થયેલી ક્રિયા ફળીત બને છે. આમ સાધનની કિંમત નથી પણ સબંધની કિંમત છે એ જાણવું જરૂરી છે.

# વચનામૃત આધારિત 'સત્સંગ'

પટેલ મનુભાઈ ધનજીભાઈ

જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રધ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવિકે, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે. અને કામ ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. અને જો કુસંગ મળે તો કુંસગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો વૈરાગ્ય, વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે. જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઉગતાં ન હોય, અને તેજ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે તે ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય. પછી તે કાંપ ભેળાં વડ,પીપળાં, આદિક વૃક્ષના બીજ આવ્યા હોય તે બીજ ઉગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય અને જગત સબંધી વિષય સુખનો અંકુર પણ ઉઠે એમ ન હોય, ને તેને જો કુસંગ થાય તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગતવાર્તા રૂપીઓ આવીને કાંપ ભરાય. પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે બીજ રહ્યા છે તે સર્વે ઉગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.

અને વળી પોતામાં કોઈ સ્વભાવ હોય તે તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે. પણ મૂર્ખાઈએ કરીને ગમે તેટલા ઉપાય કરે તોય ભૂંડો સ્વભાવ ટળે નહિં. અને મૂર્ખ હોય તે જ્યારે મુંઝાય ત્યારે કાંતો સૂઈ રહેને કાંતો રૂવે અને કાંતો કોઈક સાથે વઢેને કાંતો ઉપવાસ કરે, એ ચાર પ્રકારે કરીને મૂંઝવણ ટાળ્યાનો ઉપાય કરે, અને એમ કરતાં જો અતિશય મૂંઝાય તો છેલ્લે બાકી મરે પણ ખરો. એવી રીતે મૂર્ખને શોક ટાળ્યાનો ઉપાય છે. પણ એમ કર્યા થકી દુઃખ પણ મટે નહિને સ્વભાવ પણ ટળે નહિ, અને સમજીને ટાળે તો દુઃખને સ્વભાવ એ બેય ટળી જાય, માટે સમજુ હોય તે જ સુખી થાય છે. અને જેમ અગ્નિની મોટી જ્વાળા હોય ને જો ઉપરથી જળ વરસે તો તત્કાળ ઓલવાઈ જાય, અને વિજળીના અગ્નિનો તો થોડોક ઝબકારો થતો હોય, પણ તે અગ્નિ મેઘની ઘટામાં રહે છે. તો પણ ઓલવાતો નથી. તેમ સમજ્યા વિના ગમે તેટલો વૈરાગ્ય હોય અથવા ભગવાનમાં પ્રિતિ હોય, તો પણ અગ્નિની જ્વાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને સર્વે નાશ થઈ જાય છે. અને સમજીને જે વૈરાગ્યને પ્રિતી હોય તે તો વિજળીના અગ્નિ જેવી છે. તે થોડી હોય તો પણ નાશ ન પામે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રી નરનારાયણદેવનો ૧૯૧મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો

પરમ વંદનીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે શ્રી નરનારાયણદેવનો ૧૯૧મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ નિમિત્તે તા. ૩૦-૪-૧૪ થી તા. ૪-૫-૧૪ સુધી હરિસ્મૃતિ ગ્રંથનું પંચાહ્ન પારાયણ યોજવામાં આવેલ.

પ્રથમ દિવસે તા. ૩૦-૪-૧૪ના સવારે ૮:૩૦ વાગ્યે પોથીયાત્રા મંદિરના પ્રાંગણમાં યજમાનશ્રી ગોપાલભાઈ કરસન વસાણીના પરિવારે પોથીઓ લઈને વાજતે ગાજતે સંતો અને હરિભક્તો સાથે સભા મંડપમાં પધાર્યા. બ્રાહ્મણ દ્વારા પોથીઓ શાસ્ત્રોક્ત મંત્રો સાથે સ્ટેજ ઉપર લાવવામાં આવી. પ્રથમ દિવસના વક્તા સ્વામી શ્રીપ્રકાશદાસજીના પૂજન બાદ વક્તા સ્વામીએ શ્રી હરિસ્મૃતિ ગ્રંથની કથાનો પ્રારંભ કરેલ.

બપોર પછીના વક્તા સ્વામી કૃષ્ણવલ્લભદાસજી કથાને આગળ લઈ ગયેલ. ઈન્દોરથી પધારેલ યજમાન પરિવારે આ લાભ લીધેલ તે બદલ આશીર્વાદ આપેલ હતા.

તા. ૩-૫-૧૪ના બપોરપછી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રસાદી મંદિરેથી ભવ્ય નગરયાત્રાનું આયોજન થયેલ. શહેરના મુખ્ય માર્ગો પર ફરી નૂતન મંદિરે પહોંચેલ. જેમાં ગામેગામથી આવેલ કીર્તન મંડળીઓએ ભાગ લીધેલ. જેમાં યજમાન પરિવારે તેમજ હરિભક્તો સુંદર સાફાઓ પહેરી જોડાયા હતા. સુંદર શણગારેલ વાહનમાં શ્રી નરનારાયણદેવની સાથે સંતો હરિભક્તો ભાઈઓ સુંદર વેશભૂષામાં સામેલ હતા. શોભાયાત્રામાં કળશ ધારી બહેનો સુંદર વેશભૂષામાં સામેલ હતા. અભિષેક માટે પવિત્ર જળ પ્રસાદીના કૂવામાંથી ભરવામાં આવેલ. માધાપર યુવક મંડળના ભાઈઓ લેઝીમના દાવ સાથે શોભાયાત્રામાં જોડાયેલા હતા. સાંજે ૫:૩૦ વાગે સભામંડપમાં આ યાત્રાએ વિરામ લીધો હતો. આચાર્ય મહારાજશ્રીને હસ્તે જુદા જુદા કામ માટે સેવા આપેલ ભાઈઓનું સન્માન કરવામા આવેલ. સંતોના પ્રવચન બાદ આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવેલ કે ૧૯૧મો શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ તથા અભિષેક, અન્નકૂટમાં મુખ્ય યજમાન પ.ભ. ગોપાલભાઈ ઈન્દોર વાળાને આશીર્વાદ આપેલ. સંતો દ્વારા ગામેગામમાં દૂરના ગામડાઓમાં રૂબરૂ જઈને સત્સંગનો પ્રચાર કરતા હોઈ આજે સત્સંગ વૃધ્ધિ પામ્યો છે. તે બદલ પ્રસન્નતા વ્યક્ત કરેલ. ગામેગામ કથાવાર્તા, ઉત્સવ, સામૈયા થાય છે. જે આજના યુગમાં જરૂરી છે. ખટકો રાખીને સેન્ટરમાં ભગવાન રહે તેવું ધ્યાન રાખશો. મહારાજ બધાને સુખીયા કરે તેવા આશીર્વાદ આપેલ.

નૂતન મંદિરનું વિવિધ રોશનીથી સુશોભન કરાયું હતું. સખત ગરમીમાં રાહત આપે એ માટે દરરોજ સભા મંડપમાં શેરડીનો રસ તથા ઠંડાપાણીની વ્યવસ્થા યુવક મંડળના સ્વયંસેવકો દ્વારા રાખવામાં આવેલ હતી.

તા. ૨-૫-૧૪ના રાત્રે ૯ વાગે હરિફાઈ રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગામે ગામથી આવેલ યુવક મંડળના યુવાનો સુંદર વેશભુષામાં ભાગ લીધેલ. ભાઈઓ વિભાગમાં સંતો સાથે હરિભક્તોએ રાસની જમાવટ કરેલ હતી. બહેનોના વિભાગમાં સાં.યો. બહેનો યજમાન બહેનો તથા મહિલા મંડળે સુંદર વેશભુષામાં રાસ રમ્યા હતા.

સુંદર રાસ સ્પર્ધા માટે આવેલ ગામેગામથી મંડળીઓમાં વિજેતા પ્રથમ કોડકી, દ્વિતિય માધાપર, તૃતીય નરનારાયણ નગર, સુખપર રાસ મંડળીઓ વિજેતા થઈ હતી.

અંતમાં સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વચનમાં જણાવેલ કે આ ૧૯૧માં શ્રી નરનારાયણદેવના પાટોત્સવનો લાભ ઈન્દોરથી પધારેલ પ.ભ. ગોપાલભાઈ તથા તેના પરિવારને આ લાભ લેવા બદલ આશીર્વાદ આપેલ. અનંત જીવોના કલ્યાણ માટે આવી કથાઓનું આયોજન થાય છે. તમો બધા બીજા કામ મુકી આટલી મોટી સંખ્યામાં આવ્યા છો. તે બદલ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે નિષ્ઠા છે તે દેખાય છે.

મુખ્ય યજમાન તરફથી તેમના આમંત્રણને માન આપી પધારેલ ભાઈઓને કથાની યાદગીરી રૂપે શ્રી નરનારાયણદેવની મૂર્તિ સાથે પહેરામણી આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના હસ્તે મોમેન્ટો આપેલ. તથા સંતોને ધોતીયા ઓઢાડી પૂજન કરેલ હતું.

અતંમાં આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવેલ કે જેને નિષ્ઠા છે તેને ભગવાનનું સાંનિધ્ય મળે છે. વધુમાં જણાવેલ કે સંતો રાજી થયા છે દીકરા, દીકરીમાં સત્સંગ રાખજો. મા-બાપની છોકરાઓ માટે મોટી જવાબદારી છે. આપણે પૂજા કરતા જોશે તો તેઓ પૂજા કરશે. આપણા આચરણનું અનુકરણ કરશે. માટે સારા સંસ્કાર આપવા જોઈએ. તમો બધા પ્રેમાળ છો, પરિવારને ધન્યવાદ છે.

કથાની પૂર્ણાહુતિની આરતીમાં આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી અને અન્ય સંતો તથા મુખ્ય યજમાનશ્રીએ ભાગ લીધેલ હતો.

સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી તથા સ્વામી ધર્મચરણદાસજીએ સંભાળેલ.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## વૈશાખ સુદ ૧૧ના એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. ધનજીભાઈ કાનજી હિરાણી ધ.પ. નાનબાઈ ધનજી - કોડકી
- પ.ભ. કાનજીભાઈ પરબત હિરાણી ધ.પ. ભાણબાઈ કાનજી - ફોટડી
- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. વાલબાઈ ખીમજી ભુવા - સુખપર
- પ.ભ. ઘનશ્યામભાઈ પોકલેન્ડ કન્સ્ટ્રકશન - નૈરોબી
- પ.ભ. કલ્યાણભાઈ કાનજી ભુડીયા - મદનપુર
- પ.ભ. હરજીભાઈ કરસન કેરાઈ - કોડકી
- પ.ભ. મનજીભાઈ કાનજી રાબડીયા માતુશ્રી ધનબાઈ મનજી પુત્ર વિનોદભાઈ ધ.પ.

પુષ્પાબેન, ચિંતન પુત્રી ચાંદની - વાડાસર

- પ.ભ. મેઘજીભાઈ ભીમજી પિંડોરીયા - સુરજપર
- પ.ભ. લાલજીભાઈ વાલજી ભુવા - કેરા
- પ.ભ. કાર્તિકભાઈ પરેશભાઈ વાઘજીયાણી - કેરા
- પ.ભ. વિજેશભાઈ રામજી પોકાર - ઘડાણી
- પ.ભ. ધુનિલભાઈ દીનેશ હિરાણી હિમાલય બિલ્ડર્સ - શિશલ્સ
- પ.ભ. પ્રફુલ્લભાઈ વેલજી વેકરીયા - કેરા
- પ.ભ. રવજીભાઈ શીવજી ગોરસીયા - માનકુવા
- પ.ભ. સામબાઈ ધનજી વરસાણી - માનકુવા
- પ.ભ. શાંતિલાલભાઈ માવજી હિરાણી - કોડકી
- પ.ભ. ભરતભાઈ કલ્યાણ વરસાણી - મદનપુર
- પ.ભ. ઉદયભાઈ વિનોદ હિરાણી - ભક્તિનગર
- પ.ભ. શાંતિભાઈ રવજી કાબરીયા - ગોડપર
- પ.ભ. રામજીભાઈ કાનજી વેકરીયા - માંડવી નાગલપર
- પ.ભ. જશીબેન બીપીન હાલાઈ જન્મતિથિ નિમિત્તે - સુખપર
- પ.ભ. કેશરાભાઈ લક્ષ્મણ વેકરીયા હ. પ્રેમજી કાનજી છભાડીયા - નારણપર હાલે નૈરોબી
- પ.ભ. પ્રકાશભાઈ વિશ્રામ પિંડોરીયા-સુખપર રોહા
- પ.ભ. ગોવિંદભાઈ રામજી કેરાઈ - માનકુવા
- પ.ભ. નારણભાઈ ભીમજી હાલાઈ ધ.પ. કુંવરબાઈ - સુખપર
- પ.ભ. હરીશભાઈ વિશ્રામ પાધરા - સુખપર
- પ.ભ. અવિનાશભાઈ નારણ કેરાઈ - ગોડપર
- પ.ભ. પ્રેમજીભાઈ કરસન વોરા - કેરા હાલે મોમ્બાસા
- પ.ભ. મઈલા કાંતિલાલ વરસાણી - ભારાસર
- પ.ભ. લાલબાઈ નારણ વેકરીયા - બળદીયા
- પ.ભ. પ્રેમજીભાઈ લાલજી ભુડીયા - સુખપર રોહા
- પ.ભ. અનિલભાઈ રામજી વેકરીયા - નારણપર
- પ.ભ. વાલજીભાઈ પ્રેમજી હિરાણી - માધાપર
- પ.ભ. પ્રવિણભાઈ દેવજી ગોરસીયા ધ.પ. દક્ષાબેન - સુખપર
- પ.ભ. અ.નિ. કરસનભાઈ માવજી ગોંડલીયા ધ.પ. વેલીબાઈ કરસન - મીરજાપર
- પ.ભ. કેશરાભાઈ લક્ષ્મણ વેકરીયા હ. પ્રેમજી કાનજી છભાડીયા - નારણપર હાલે નૈરોબી
- પ.ભ. ધનબાઈ ખીમજી કેરાઈ - અંજાર હાલે યુએસએ
- પ.ભ. કસ્તુરબેન દીલીપ વેકરીયા હ. શાંતાબેન લક્ષ્મણ પિંડોરીયા - મિરજાપર
- પ.ભ. પ્રકાશભાઈ વિશ્રામ પિંડોરીયા - સુખપર રોહા
- પ.ભ. ધીરજભાઈ મનજી રાબડીયા ધ.પ. લક્ષ્મીબેન સુપુત્ર હાર સુપુત્રી તન્વી - વાડાસર
- પ.ભ. મનજીભાઈ વાલજી રૂપાલીયા - મદનપુર
- પ.ભ. મનજીભાઈ લાલજી વેકરીયા ધ.પ. કેશરબેન સુપુત્ર જગદીશ ધ.પ. હંસાબેન સુપુત્ર જયદીપ - વાડાસર
- પ.ભ. જગદીશભાઈ મનજી વેકરીયા ધ.પ. હંસાબેન પુત્ર જયદીપ - વાડાસર
- પ.ભ. વિનોદભાઈ મનજી રાબડીયા ધ.પ. પુષ્પાબેન સુપુત્ર ચિંતન પુત્રી ચાંદની
- પ.ભ. વિનયભાઈ દીનેશ હાલાઈ - કુંદનપુર
- શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ
- પ.ભ. અમરબાઈ કાનજી ભુડીયા પરિવાર - સુરજપર
- પ.ભ. રામબાઈ પરબત વેકરીયા પરિવાર હ. ગોપાલ રામજી ભુડીયા - સુરજપર
- પ.ભ. કલ્યાણભાઈ લક્ષ્મણ કેરાઈ ભુજમાં કથા પ્રસંગે - રામપર
- પ.ભ. ગોપાલભાઈ રામજી ભુડીયા - સુરજપર
- પ.ભ. હરજીભાઈ વાલજી રૂપાલીયા - સુખપર
- પ.ભ. હરજીભાઈ પ્રેમજી વેકરીયા - સુરજપર
- પ.ભ. અ.નિ. સુંદરબાઈ લાલજી વરસાણી હ. રવજી લાલજી વરસાણી - માધાપર

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય વિજ્ઞાન પ્રવાહનું ઝળહળતું પરિણામ - ભુજ

ધો. ૧૨ સાયન્સનું આ શાળાનું પરિણામ દરવર્ષની જેમ ૧૦૦% આવ્યું છે. સમગ્ર કચ્છમાંથી એ-વન ગ્રેડ એટલે કે, ૯૧ ટકાથી ઉપર પરિણામ મેળવનાર પાંચ વિદ્યાર્થીઓ છે, તેમાં ભુજમાંથી માત્ર એક જ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે, જે સ્વામિનારાયણ વિદ્યાલયનો છાત્ર છે. આ વખતે પણ ૧૦૦ ટકા પરિણામની પરંપરા જાળવી રાખનાર શહેરની સ્વામિનારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કરીને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનાર દક્ષરાજસિંહ જાડેજાએ એ-વન ગ્રેડ મેળવ્યો છે.

આ શાળાએ ૧૦૦% પરિણામની પરંપરા જાળવી રાખી છે એટલું જ નહિ પણ તમામ વિદ્યાર્થીઓના વ્યક્તિગત પરિણામોમાં પણ ઉત્તમ ટકાવારી મેળવવાની પણ પરંપરા પણ જાળવી રાખી છે. આ શાળાના ૫૯ વિદ્યાર્થીઓનું વ્યક્તિગત ગ્રેડવાઈસ પરિણામ નીચે મુજબ છે.

ગ્રેડ A1માં ૧ વિદ્યાર્થી, ગ્રેડ A2માં ૪ વિદ્યાર્થી, ગ્રેડ B1માં ૧૭ વિદ્યાર્થી, ગ્રેડ B2માં ૨૨ વિદ્યાર્થી અને ગ્રેડ C1માં ૧૫ વિદ્યાર્થી આમ કુલ ૫૯ વિદ્યાર્થીઓ આ રીતે પરિણામ પ્રાપ્ત કરેલ છે. આ તમામ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે.

આ ઉપરાંત આ આ શાળાનાં વિદ્યાર્થીઓએ JEE નાં પરિણામોમાં પણ ઉત્તમ પ્રદર્શન કરેલ છે. JEEની એડવાન્સ પરીક્ષા માટે ૩૦ વિદ્યાર્થીઓમાંથી ૧૧ વિદ્યાર્થીઓ JEE એડવાન્સ માટે એલીજીબલ થયેલ છે. પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ અનુક્રમે રાયજાદા સાત્વિકને ૧૯૨, જાડેજા દક્ષરાજસિંહને ૧૮૦ અને મકવાણા બ્રિજેનને ૧૫૫ માર્કસ ૩૬૦માંથી મેળવેલ છે.

તેવી જ રીતે GUJCETમાં પણ ૧૦૦થી ઉપર માર્કસ મેળવીને બે વિદ્યાર્થી શાહ દિપ તુલસીદાસ અને ખત્રી મહમદસિધીકે શાળાનું ગૌરવ વધાર્યું છે.

ઝળહળતી સફળતા મેળવવા બદલ શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ તથા શાળાના આચાર્યશ્રી નિષદભાઈ મહેતાએ તમામ વિદ્યાર્થીઓ તથા શાળાના સ્ટાફને અભિનંદન આપ્યા હતાં.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત પ.પૂ. સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીએ તમામને આશીર્વાદ પાઠવીને રાજીપો વ્યક્ત કરેલ.

અહેવાલ :- આચાર્યશ્રી નિષદભાઈ મહેતા

# ઈન્દોર : શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન - ઉદ્‌ઘાટન સમારોહ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ઈન્દોર મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા મૂળ કચ્છના કડવા પાટીદાર સત્સંગીઓને તેમજ અન્ય તમામ હરિભક્તોને સત્સંગની સુવિધાર્થે શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો પાંચ દિવસનો ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ અવસર નિમિત્તે 'શ્રીમદ્ સત્સંગિજીવન' કથા પંચાહ્ન પારાયણ યોજવામાં આવેલ. વ્યાસાસનેથી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી તથા સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ સાદી છતાં સચોટ સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. પંચાહ્ન પારાયણના યજમાન પદનો લ્હાવો પ.ભ. શામજીભાઈ રામજી ભાવાણી પરિવારે લીધો હતો.

આ સમગ્ર અન્વયે યોજાયેલ નગરયાત્રાએ ઈન્દોરવાસીઓમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. હરિભક્તો હોંશે હોંશે તેમાં જોડાયા હતા. વિશિષ્ટ ૯ રથોએ શોભામાં અભિવૃધ્ધિ કરી હતી ૨ વાહનો ઉપર શ્રી ઠાકોરજીને પધરાવવામાં આવ્યા હતા. ૧૦ ઘોડેશ્વર સાથે ૨ ફુલ વર્ષા કરતી તોપો ગોઠવાઈ હતી. બહેનો શણગારેલ મંગળ કળશો સાથે જોડાયાં હતા. યુવાનો તાસ પાર્ટીના સથવારે ખૂબ જ નાચ્યા અને કચ્છની ૬ કીર્તનમંડળીઓએ રમઝટ બોલાવી હતી. ઈન્દોરના રાજમાર્ગો શ્રી નરનારાયણદેવના જયઘોષથી ગૂંજી ઉઠ્યા હતા.

મહંત સ્વામીના વરદ્ હસ્તે સત્સંગ ભવનનું નવનિર્મિત સંકુલ ખુલ્લું મુકવામાં આવ્યું. મહંત સ્વામીની સાથે યજમાન પરિવાર તેમજ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતો પણ જોડાયા હતા. ઉદ્‌ઘાટનની સાથોસાથ શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિ વિધાનપૂર્વક કરવામાં આવી. શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાનપદે પ.ભ. નારણભાઈ હરજી ભાવાણી, શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન તરીકે પ.ભ. અ.નિ. રામજીભાઈ હરજી ભાવાણી પરિવાર તથા શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિના યજમાનપદે પ.ભ. દેવજીભાઈ કરસન ગોગારી સહપરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે રાજકીય મહેમાનો, ગણ્ય માન્ય વ્યક્તિઓ, સામાજિક કાર્યકરોને યોગ્ય આવકારની સાથે સત્ગંગ ભવનમાં જે દાતાઓએ આર્થિક સેવા કરી હતી તેવા ભક્તોને સંતો દ્વારા સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભુજથી ૭૧ જેટલા સંતો તથા ૫૨થી વધુ કચ્છના સાં.યો. બહેનો મહંત સામબાઈ ફઈની સાથે પધાર્યા હતા.

ભુજ મંદિર તરફથી સ્વામી પારમહંસદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ નિર્માણકાર્યમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ દિવ્ય પ્રસંગે કોઠારી સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી સ.ગુ.



કચ્છના મંડળીના હરિભક્તોનું સમુહ તસ્વીર-ઈન્દોર (મ.પ્ર.)

ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી સ્વંયપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્યો પ.ભ. ખીમજીભાઈ ભુડીયા, પ.ભ. રત્નાભાઈ કેરાઈ આદિ ટ્રસ્ટીઓએ ખાસ હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કાબેલીયત પૂર્વક સુંદર રીતે સંભાળ્યું હતું. ઈન્દોર સત્સંગી સમુદાયે આવી સુંદર સુવિધા પૂડી પાડવા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

અહેવાલ :- મંત્રીશ્રી વીરજીભાઈ સામજી ભાવાણી

## ભુજ મંદિર દ્વારા રાહત તથા નેત્ર યજ્ઞ તથા નાક, કાન, ગળાનો કેમ્પ

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી રાહત સમિતિ દ્વારા સરહદી વિસ્તારના ગામો હાજીપીર, લુણા મોટા, ભીટારા નાના, ગોરેવલી, માધવનગર, ભીરંડીયારા, ખાવડા, પ્રણવનગર વગેરે ગામોમાં જરૂરમંત ગરીબ પરિવારોમાં ૨૦૦૦ કિલો ઘઉં, ૧૫૦૦ કિલો ચોખા, ૧૦૦૦ કિલો ગોળ, ૫૦૦ કિલો ખાંડ, ચવાણું, પીપરમેંટ જેવી રાશન સામગ્રી અને નાસ્તાની વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ. પરિવાર દીઠ પાંચ કિલો ઘઉં, ચાર કિલો ચોખા, ૩ કિલો ગોળ અને એક કિલો ખાંડ ઉપરાંત ચવાણું અને પીપરમેંટ આપવામાં આવેલ. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી અને હરિભક્તોએ સાથે મળીને વિતરણની કામગીરી બજાવી હતી.

સાથે સાથે અ.નિ.સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં ટપ્પર ગામે નેત્ર યજ્ઞ તથા નાક કાન ગળાના રોગોની તપાસ તથા સારવાર કરવામાં આવી હતી. જેમાં ૨૪ આંખના ઓપરેશનો તથા ૨૬ નાક-કાન ગળાના ઓપરેશન થયાં હતા. જે કોઈ પણ ચાર્જ લીધા વિના કરવામાં આવ્યાં હતાં. જેના સ્પોન્સર પ.ભ. માવજીભાઈ ખીમજી લાલજી વેકરીયા પરિવારે લીધો હતો. ડો. ફહિમલાલા આંખ સર્જન તથા ડો. નીરજભાઈ જોબનપુત્રા ઈ.એન.ટી. સર્જન આ બન્ને ડોકટરોએ સેવા આપી હતી. આ પ્રસંગે અનેક યુવાનો સંતોના સાનિધ્યમાં વ્યસન મુકત થવાનો સંકલ્પ કર્યો હતો.

અહેવાલ :- સ્વામી ભક્તિચરણદાસજી

# કેરામાં ઉજવાયો મંદિરનો સિલ્વર જ્યુબેલી મહોત્સવ

કેરા મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓનું જેને ૨૫ વર્ષનો સમય થયો. અને બાઈઓના મંદિરમાં સહજાનંદ સ્વામીની દર્શનીય મૂર્તિ જેને ૧૦૮ વર્ષનો સમય થતાં બે કડીઓને જોડતો 'સિલ્વર જ્યુબેલી' મહોત્સવ ઉજવાયો. જેનો પ્રારંભ તા. ૫-૪-૨૦૧૪ના થયો. અને તા. ૧૫-૪-૨૦૧૪ સુધી અનેક વિધ કાર્યક્રમોને લઈને પૂર્ણતાની આરે પહોંચ્યો હતો. સૌ પ્રથમ તા. ૫-૪-૨૦૧૪ થી ૭-૪-૨૦૧૪ સુધી વિષ્ણુયાગના દર્શન ખૂબ પવિત્ર બ્રાહ્મણોના મુખેથી વેદ મંત્રના ધ્વનિ સાથે થયા હતા. વિષ્ણુયાગની પૂર્ણાહુતિમાં નાળિયેર હોમીને યજ્ઞ નારાયણદેવને આહુતિ દેવા અને યજમાનોને દર્શન આપવા ભુજથી મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો પધાર્યા હતા. વિષ્ણુયાગ અને મુખ્ય કથા મહોત્સવને જોડતો દિવસ એટલે શ્રીહરિ જયંતી શ્રીજી મહારાજનો પ્રાગટ્ય દિવસ. તે દિવસે પ્રભાત ફેરી અને ૧૨ કલાકની મહામંત્રની ધૂનનો અલભ્ય લાભ સાથે રાત્રે ૧૦ ને ૧૦ ઘડીએ શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ કરી પ્રભુને પારણામાં ઝૂલાવ્યા હતા. તા. ૯-૪-૧૪થી કથા મહોત્સવના દિવસો. શતાનંદમુનિ કૃત સત્સંગિજીવન કથારસનું પાન કરતાં તમામ મહિલા સત્સંગને આશીર્વાદ સહ દર્શન આપવા માટે અમદાવાદથી પ.પૂ. મોટા ગાદીવાળા પધાર્યા. તા. ૧૪-૪ ના દિવસે પ.પૂ. ગાદીવાળા પધાર્યા અને પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના આગમનને વધાવવા માટે ભવ્ય શોભાયાત્રાના દર્શન સૌને થયા હતા. તા. ૧૫-૪-૨૦૧૪ ચૈત્ર સુદ ૧૫ એટલે મુખ્ય દિવસ તે દિવસે આચાર્ય મહારાજશ્રીની સાથે અભિષેક અન્નકૂટ દર્શનનો લાભ થયો હતો. બપોર પછીના સત્રમાં રાજોપચાર પધ્ધતિથી ઠાકોરજીનું પૂજન કરી સુંદર દર્શનનો લાભ લીધો હતો.

અહેવાલ :- પ્રમુખ અરજણભાઈ

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય,ભુજ સુવર્ણ જયંતી નિમિત્તે ભવ્ય બાલમંચ

ભુજ નગર નિવાસી શ્રી નરાનારાયણદેવના સાંનિધ્યમાં પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી તા. ૭-૫-૨૦૧૪ બુધવારના રોજ નવમાં બાલમંચનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ભુજ સંચાલિત શ્રીઘનશ્યામ બાલમંડળની બાલસભા આપણા દરેક ગામમાં થાય છે. જેમાં બાળકો મંદિરમાં આરતી, પ્રાર્થના, થાળ, ધૂન વિગેરે સંચાલકોના માર્ગદર્શન હેઠળ કરી રહ્યા છે. એ બાળકોને સંતોનું સાંનિધ્ય અને સત્સંગનું બળ મળે એ હેતુથી દર વર્ષે બાલમંચનું આયોજન કરવામાં આવે છે. આ વખતે આ નવમો બાલમંચ ભુજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનમાં જ ગોઠવવામાં આવ્યો હતો.

બલમંચનો શુભ પ્રારંભ સવારે ૯:૦૦ વાગ્યે ભુજ મંદિરના પૂજ્ય કોઠારીશ્રી તથા વિદ્યાલયના સંચાલક સંતો તથા ટ્રસ્ટીઓ દ્વારા

દીપ પ્રાગટ્ય કરી સંતોના આશીર્વચનથી કરવામાં આવ્યો હતો.

જેમાં ૧૦૦૦થી પણ વધુ બાળકો જોડાયા હતા. સવારના સત્રમાં કીર્તન, વાર્તા, નૃત્ય વિગેરે વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. અને ત્યારપછી ૯ ગ્રુપ બનાવી વિદ્યાર્થી સંતો દ્વારા વાર્તાના માધ્યમથી ઘર અને મંદિરમાં કેમ વર્તવું તે વિષય પર શિક્ષણ આપવામાં આવ્યું હતું. બપોરે મહાપ્રસાદબાદ "કોણ બનશે જ્ઞાની" રમત રમાડવામાં આવી હતી. ત્યારપછી સ્પર્ધામાં વિજેતા અને ભાગ લેનાર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. પછી "ઉલટા-સુલટા" નામની રમત રમાડવામાં આવી હતી. અને કાર્યક્રમના અંતે બાલમંચમાં આવેલ દરેક બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ૫:૩૦ વાગ્યે તરબુચનો પ્રસાદ આપી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ શ્રીઘનશ્યામ બાલમંડળ સંચાલક સંત સમિતિ વતી શા. સંતસ્વરૂપદાસજી એ સંભાળ્યો હતો. વિદ્યાર્થી સંતોને સંહયોગ આપ્યો હતો.

અહેવાલ :- શ્રી ઘનશ્યામ બાલમંડળ સંચાલક સંત સમિતિ વતી સ્વામી ભક્તિપ્રકાશદાસજી

## ૩૯મો પાટોત્સવ ઉજવાયો : હરિપુર

પ્રાતઃસ્મરણીય મહંત પ.પૂ. સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, હરિપુરનો ૩૯મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. સાથોસાથ શિવમંદિરનો પણ ઉજવાયેલ. આ પ્રસંગ નિમિત્તે સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી સરયુદાસજી, પુરાણી સ્વામી મુનીશ્વરદાસજી, પાર્ષદ વિપુલ ભગત આદિ સંતો પધારી રૂડા આશીર્વાદ આપેલ હતા. કથા વાર્તા બાદ વાર્ષિક પાટોત્સવની આરતી, અન્નકૂટ તથા પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

અહેવાલ :- લાલજી નાનજી ગોરસીયા, હરિપુર

## વાર્ષિક પાટોત્સવ : કોડકી

તા. ૨૦-૪-૧૪ થી તા. ૨૪-૪-૧૪ સુધી નૂતન મંદિરના ૧૪મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અ.નિ. મહંત સાંખ્યયોગી ગોરબાઈ ફઈની પુણ્ય સ્મૃતિમાં મંદિરના ચોકમાં શ્રીમદ્ સત્સંગિભૂષણની કથા સંગીતના સથવારે પંચાહ્ન પરાયણનું આયોજન કરેલ. જેનાં વક્તાપદે સ્વામી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી દેવનંદનદાસજીએ કથાનું રસપાન કરાવેલ. કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, પ્રભાતફેરી, અભિષેક, અન્નકૂટ તેમજ ધ્વજારોહણ તથા રાત્રી કાર્યક્રમોમાં યુવક મંડળની સત્સંગ સભા, ભજન સંધ્યા, રાસોત્સવ જેવા અનેક કાર્યક્રમો આવરી લેવામાં આવ્યા હતા. સભાપતિ સ્વામી શાંતિપ્રિયદાસજી રહ્યા હતા. કથાના યજમાન સમગ્ર ગામજનોએ લાભ લીધો હતો.

અહેવાલ :- યુવક મંડળ સભ્યશ્રી નારણ રવજી હાલાઈ - કોડકી

અહેવાલ :- જનકભાઈ એમ. ભટ્ટ

પ્રથમે નાર્જિતા વિદ્યા, દ્વિતીયે નાર્જિતં ધનમ્ ।
તૃતીયે નાર્જિતં પુણ્યં, ચતુર્થે કિં કરિષ્યતિ ।।

જે મનુષ્યે પોતાની પહેલી અવસ્થામાં (બાલ્ય અવસ્થામાં) વિદ્યા પ્રાપ્ત કરી નહીં. બીજી અવસ્થામાં (યુવાન અવસ્થામાં) ધન સંગ્રહ કર્યો નહિ, ત્રીજી અવસ્થામાં(આધેડ અવસ્થામાં) ધર્મનું આચરણ કર્યું નહિ, તે મનુષ્ય ચોથી અવસ્થામાં (વૃદ્ધાવસ્થામાં) શું કરી શકશે ?

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન ભુજની સ્થાપના થઈ ત્યારથી શિક્ષણયાત્રાના મશાલની સેવાભાવી હરિભક્તોએ પ્રમુખપદને અલંકૃત કરીને સેવાનું અમૂલ્ય યોગદાન આપેલ છે અને વિદ્યાર્થીભવનની પ્રગતિમાં પોતાની શક્તિનો સદ્ઉપયોગ કર્યો છે તેમની નામાવલિ જોઈએ.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થીભવનમાં રહેતા અને શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કરતા તમામ બાળકોને શિક્ષણ-સંસ્કાર, સંયમ, શિસ્ત તથા ચારિત્ર્ય ઘડવામાં જેમણે બહુમૂલ્ય સેવા કરેલી છે. તેવા હરિભક્તોના નામો નીચે મુજબ છે.

ઈ.સ. ૧૯૪૪ થી ૧૯૬૧ સુધી પ્રમુખ મિસ્ત્રી જેરામભાઈ રામજી - કુંભારીયા, શિવજીભાઈ ભીમજી પટેલ - માધાપર, હરજીભાઈ કરસન દબાસીયા - માનકુવા, કરસનભાઈ શિવજી પટેલ - માધાપર, મેઘજીભાઈ રામજી પટેલ - સુખપર, કરસનભાઈ રામજી વરસાણી - નારાણપર, લાલજીભાઈ હરજી રાબડીયા - કેરા, મુળજીભાઈ અરજણ હાલાઈ - માધાપર, કરસનભાઈ ઝીણા જેશાણી - બળદિયા, મુળજીભાઈ કરસન શિયાણી - રામપર-વેકરા, વર્તમાન પ્રમુખ ખીમજીભાઈ રામજી ભુડીયા - દહીંસરા.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન પાટવાડી નાકા પાસે આવેલ હતું. ત્યાંથી ૧૯૬૨-૬૩ની સાલમાં મહાદેવ નાકા બહાર અત્યારે નૂતન મંદિર છે તે જગ્યાએ સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનનું સ્થળાંતર થયું અને તે સાથે ૧૯૬૩-૬૪ની સાલમાં સ્વામિનારાયણ વિદ્યાલયનો શુભ આરંભ પણ આ સ્થાને થયો.

જ્યારથી સ્વામિનારાયણ વિદ્યાલયનો આરંભ થયો છે ત્યારથી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના છાત્રો સ્વામિનારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કરે છે, અને જાહેર પરીક્ષાનું સુંદર પરિણામ લઈ આવે છે. જે સંચાલક સંતો, ટ્રસ્ટીઓ અને ગૃહપતિઓની જાગૃતિ અને મહેનતને આભારી છે.

આ બંને સંસ્થાઓમાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ સંવર્ધન માટે, તેમજ જીવનલક્ષી શિક્ષણના પાઠો શિખાડવામાં, ચારિત્ર્ય નિર્માણ ઘડતરમાં શરૂઆતમાં જેમણે સિંહફાળો આપેલ તેવા સદ્વિદ્યાના મુખ્ય સૂત્રધારો - ગૃહપતિઓની નામાવલિ નીચે મુજબ છે.

ગૃહપતિશ્રી પ્રાગજીભાઈ રાજગોર - કટક, નાર ણભાઈ હરજી હાલાઈ-ગોડપર, વિશ્રામભાઈ રવજી હાલાઈ-સુરજપર, નાથાલાલ પી. હીરાણી - સુરજપર, શિવજીભાઈ દેવશી પટેલ - ભારાસર-હાલે વડોદરા, વિશ્રામભાઈ વાલજી વરસાણી - માધાપર, કેશરાભાઈ રવજી પિંડોરીયા - વેકરા, પ્રેમજીભાઈ

- સુરજપર, વજાજીભાઈ બી. ઠાકોર - ભુજ, જીતેન્દ્રભાઈ એચ. પાલીવાડ - ભુજ, હિતેષભાઈ ગોર - નખત્રાણા, ધીરેનભાઈ ગોર - ભુજ, કમલેશ એચ. લીયા - ભુજ અને વર્તમાન ગૃહપતિ ચંદુભાઈ દામોદર વ્યાસ - જનાણ.

વિદ્યાર્થી ભવનામાં રહીનો સ્વામિનારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીભવન અને વિદ્યાલયમાં પ્રાપ્ત કરેલ પરંપરાગત સંસ્કારો અને માનવતાલક્ષી સદ્‌ગુણોના કારણે સમાજમાં માનભર્યું સ્થાન મેળવ્યું છે અને સદાચારી સમાજના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આજે સમાજના દરેક ક્ષેત્રમાં આ વિદ્યાર્થીઓએ પોતાના જ્ઞાન સંસ્કાર, કૌશલ્ય અને શક્તિના આધારે અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## ઉત્તર ગુજરાત પ્રાંતની પ્રથમ પ્રાંતીય ડીફીન શિબિર યોજાઈ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજ મંદિર દ્વારા ઉત્તર ગુજરાત પ્રાંત તારીખ ૨૪-૪-૨૦૧૪ના રોજ સિદ્ધપુર નજીક એક પૌરાણિક મંદિરની જગ્યા પર પ્રાંતની પ્રથમ શિબિર યોજાઈ હતી. જેમાં ઉત્તર ગુજરાતમાં ચાલતા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૧૨ ગામના લગભગ ૧૫૦ જેટલા યુવક યુવતીઓ તેમજ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ઉણાદ યુવક મંડળમાં આવતા ૬ ગામ(ઉણાદ, વડનગર, વિસનગર, ખેરાલુ, સિપોર, જંત્રાલ, વિજાપુર, સુંદરપુર) તેમજ સિદ્ધપુર, ઉંઝા, ડીસા તેમજ પાટણ યુવક મંડળના યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. ભુજ મંદિરથી પધારેલ સંતો દ્વારા કથાવાર્તા, પ્રવચન તેમજ અલગ અલગ પ્રકારની સત્સંગ ગેમ્સનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯:૦૦ વાગ્યે પ્રાર્થના દ્વારા શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વામી સુખનંદનદાસજીએ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૬માં વચનામૃત દ્વારા સૌને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં સ્વામીએ ભગવાનના ભક્તને સત અસતનો વિવેક કેવી રીતે રાખવો જોઈએ અને વિવેકીના લક્ષણો કેવા હોય એ સુંદર દૃષ્ટાંત દ્વારા સમજ આપી હતી. ત્યારબાદ પાર્ષદ ખીમજી ભગતે સત્સંગ કેવી રીતે કરવો જોઈએ, સત્સંગની સાચી રીત તેમજ ગર્ભ સંસ્કાર વિષય પર ખુબ સારા દૃષ્ટાંત દ્વારા યુવકોને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ વન મિનિટ ગેમ રમાડીને સૌના સત્સંગના જ્ઞાનની તેમજ સમજની ચકાસણી કરી હતી. જેમાં સૌએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યારબાદ પાર્ષદ ખીમજી ભગતે સૌને માનસી પૂજાની સમજ આપી હતી અને પછી સૌએ સાથે મળીને બપોરની માનસી પૂજા કરી હતી. સર્વે ભક્તો, જે પણ પ્રસાદ લાવ્યા હતા તે મહારાજને અન્નકૂટ ધરીને મહારાજને થાળ જમાડ્યો હતો. ત્યારબાદ સૌએ સાથે મળીને પ્રસાદ લીધો હતો.

બપોરપછી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ હરિભક્તનો મહિમા વિષય પર મહિમા કોને કહેવાય ? મહિમા કેમ જરૂરી છે ? મહિમાથી શું પ્રાપ્તિ થઈ શકે ? આ વિષય પર ચરિત્ર ગાથા દ્વારા ખૂબ ઊંડી સમજ આપી હતી. ત્યારબાદ ૫ અલગ અલગ પ્રકારની ગેમ ગ્રુપ દ્વારા રમાડી હતી. જેમાં (૧) જનમંગલ નામાવલિના મંત્રોને પેપર ઉપર લાઈનમાં ગોઠવવા, (૨)ભગવાનના ચરણાવિંદમા ૧૬ ચિહ્નોને દોરીને નામ લખવા, (૩) વચનામૃત પ્રશ્નોતરી, (૪) ભગવાનના ચરિત્રો લખવા, (૫) હરિભક્તો,

સંતો,તીર્થો,પ્રસાદી તળાવ વગેરે ના નામ લખવા. આવી દરેક પ્રકારની ગેમ ફક્ત ૧૦ મિનિટમાં પૂરી કરવાની હતી. ત્યારબાદ લીંબુ ચમચી ગેમ રમાડીને સૌ ભક્તોને અનેરો આનંદ આપ્યો હતો. આ દરેક ગેમનું આયોજન સ્વામી ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજીએ સંભાળ્યું હતું. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ સુખી જીવન જીવવાની સાચી રીત સમજાવી આશીર્વચન આપ્યા હતા. વચ્ચે વચ્ચે લીંબુ સરબત તેમજ તરબૂચ, શકર ટેટીનો પ્રસાદ આપીને સૌને રાજી કર્યા હતા. છેલ્લે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઉત્તર ગુજરાત પ્રાંતના સંયોજક તુલસીદાસ નાકરાણીએ સૌ સંતો અને ભક્તોનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો. અને ભગવાનની ધૂન બોલાવીને શિબિરની પૂર્ણાહુતિ કરી હતી. અને ત્યારબાદ સૌ ભક્તો દરેક સંતો તથા ભક્તોને ભેટીને છૂટા પડ્યા હતા. આવી રીતે ભગવાન તથા સંતોના આશીર્વાદથી ખૂબ સારી રીતે, ખૂબ ઉત્સાહ સાથે ઉત્તર ગુજરાત પ્રાંતની પ્રથમ શિબિરની પૂર્ણાહુતિ થઈ હતી.

અહેવાલ :- પ્રો. તુલસીદાસ વી. નાકરાણી
સંયોજક - ઉત્તર ગુજરાત પ્રાંત

## સુખપર મંદિરનો ૧૨૩મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રી સુખપર મધ્યે ૧૨૩માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ધીરજ આખ્યાન પચાહ્ન પારાયણ કથાનું આયોજન તા. ૧૮-૫-૨૦૧૪ થી ૨૨-૨૦૧૪ સુધી કરવામાં આવ્યું હતું. કથાના મુખ્ય યજમાન શ્રી હરજીભાઇ માવજીભાઇ હીરાણી રહ્યા હતા. કથાના વક્તાશ્રી સ્વામી દેવનંદનદાસજી તથા સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથાનું રસ પાન સંગીતના સથવારે કરાવ્યું હતું. આ કથામાં ભુજ મંદિરેથી સ્વામી મહાપુરૂષદાસજી તથા સ્વામી સંતજીવનદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી અક્ષરમૂનીદાસજી વગેરે સંતો પધાર્યા હતા.

ઉત્સવ અતર્ગત કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, સુખપર દ્વારા રૂપક 'શૂન્ય'નું અભિનય કરવામાં આવ્યું હતું.

તા.૨૧-૪-૨૦૧૪ના સવારે પ્રભાત ફેરી કરવામાં આવી હતી. ત્યાર બાદ ભાઇઓ તથા બહેનોના મંદિરમાં અભિષેક અન્નકુટ સાથે પાટોત્સવની આરતી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અંજાર મંદિરથી મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતો પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ : કાનજીભાઇ વિશ્રામ ભુડીયા

## :: અક્ષરવાસ ::

- ગામ માનકુવાના પ.ભ. વિરજી ધનજી દબાસીયા ઉ.વર્ષ ૯૨ તા. ૨૬-૪-૧૪ના શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતાં શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે. દિવ્ય આત્માને શ્રીહરિ શાંતિ આપે તેવી પ્રાર્થના.
- ગામ મિરજાપુરના પ.ભ. કુંવરજીભાઈ વેલજી હાલાઈ ઉ.વર્ષ ૮૬ તા. ૭-૪-૨૦૧૪ હરિસ્મરણ કરતાં શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે. દિવ્ય આત્માને શ્રીહરિ શાંતિ આપે તેવી પ્રાર્થના.

# વિદેશ સમાચાર



## ઈસ્ટ લંડન મધ્યે વિવિધ ઉત્સવો

ઠાકરથાળી :-

તા. ૨-૩-૨૦૧૪ના રવિવાર પ.ભ. શાંતિલાલભાઈ પુંજાભાઈ લીમાણી હ. સુપુત્રો બલરામ, કિશન, સુપુત્રી નયના, દિપાબેન, માતૃશ્રી જયાબેન શાંતિલાલભાઈ પુંજાભાઈ લીમાણી પરિવાર ગામ માનકુવા દ્વારા ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૮-૩-૨૦૧૪ને શનિવારે જન્મદિન નિમિત્તે પ.ભ. હસમીતાબેન રાજેશભાઈ હીરાણી ગામ મેઘપુરવાળા તરફથી ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૧૬-૩-૨૦૧૪ને રવિવારે પ.ભ. કાન્તાબેન ગોવિંદભાઈ ખેતાણીના જન્મદિન નિમિત્તે શ્રીજી મહારાજના સાંનિધ્યમાં ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા. ૧૩-૪-૨૦૧૪ને રવિવારે પ.ભ. શાન્તાબેન હીરજીભાઈ વેલાણીના જન્મદિન નિમિત્તે ગામ ઉ.સુખપરવાળા તરફથી આ પ્રાંતના સર્વ સત્સંગીઓને સહકુંટુંબ સધરી મહાપ્રસાદ જમળવાર તથા ધામધૂમથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ :-

આ કથાનો કાર્યક્રમ તા. ૨૪-૩-૧૪ સોમવાર થી તા. ૩૦-૩-૨૦૧૪ રવિવાર સુધી કરવામાં આવ્યો. આ કથાના યજમાનપદે પ.ભ. ગોવિંદભાઈ લાલજી લધા આસાણી પરિવાર ગામ માનકુવાવાળા હતા. માતા તથા પિતાની તેમજ નાની વયે સુપુત્ર લક્ષ્મણભાઈ ધામમાં ગયા. તેમના મોક્ષાર્થે ધામધૂમથી યજ્ઞ ઉત્સવ ઉજવેલ. આ ઉત્સવ દરમિયાન શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ભજન સંધ્યા, સર્વેને મહાપ્રસાદ ભોજન તેમજ દેશમાં મંદિરો, પશુદાન કરેલ.

ભુજ મંદિરના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતોમાં સ્વામી નિલકંઠચરણદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી પધારેલ. તેમજ વક્તાપદે સાંજ સવારે સ્વામી આનંદસ્વરૂપદાસજી પોતાની સુમધુર શૈલીમાં સર્વેને શ્રીમદ્ ભાગવત પાવનકારી કથાનું રસપાન કરાવેલ.

અહેવાલ :- મંત્રી અરવિંદભાઈ વેકરીયા તથા પુલકીટભાઈ કોરાટ

### :: અક્ષરવાસ ::

અક્ષરવાસ થયેલ પુણ્ય આત્માઓ પ.ભ. વિશ્રામભાઈ મુળજી રાઘવાણી ગામ બળદિયા, ઉ.વર્ષ ૭૨, તથા પ.ભ. ક્રિષ્નાબેન અરવિંદભાઈ ઠુમાર ઉ.વર્ષ ૨૨ ગામ સુરત તથા પ.ભ. પ્રેમજીભાઈ કરસન હરજી વેકરીયા ઉ.વર્ષ ૬૦ તેમજ પ.ભ. સામબાઈ ધનજી શિયાણી, તેમજ પ.ભ. દેવરાજભાઈ કુંવરજી હાલારીયા, કેરા તથા પ.ભ. ભીખાલાલભાઈ વાઘજી વીરજી પીંડોરીયા મીરજાપર વગેરે ભક્તો શ્રીજી મહારાજ સ્મરણ કરતા અક્ષરવાસ થયા છે. સર્વેને મહારાજ પોતાના ચરણકમળનું સુખ આપે એવી પ્રાર્થના

# પ્રાથમિક શિક્ષણ – ધો.૬ નો પ્રારંભ

પ્રાતઃસ્મરણીય મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આશીર્વાદ અને અનુમતિથી શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ, ભુજ દ્વારા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સંકુલમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

જૂન, ૨૦૧૪થી પ્રાથમિક શિક્ષણ અંતર્ગત ધો.૬(ધોરણ - છ)નો વર્ગ શરૂ કરવામાં આવશે. નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે. નિયમિત અભ્યાસ ક્રમની સાથોસાથ વર્તમાન સમયની માંગ અને ભવિષ્યની આવશ્યકતાને ધ્યાનમાં લઈને અંગ્રેજી વિષયના વિશેષ વર્ગો ચલાવવામાં આવશે. જેમાં અંગ્રેજી ગ્રામરની દૃઢતા ઉપરાંત અંગ્રેજીમાં મુક્ત રીતે વાતચીત કરી શકે તે માટે 'સ્પોકન ઈંગ્લીશ'ના વર્ગો શરૂ થશે. ઉપરાંત અતિ આધુનિક અદ્યતન સાધનો અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો (પ્રોજેક્ટર વગેરે) દ્વારા ગણિત, વિજ્ઞાન અને કોમ્પ્યુટર વિષયો પર વિશેષ શિક્ષણ આપવામાં આવશે.

આપના સંતાનોમાં ઉજ્જવળ અને પ્રગતિશીલ ભવિષ્ય માટે આ શાળા ઉત્તમ સાબિત થશે. ધો.૬ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

**આચાર્યશ્રી, શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ–કચ્છ.**

**(સંપર્ક સમય : સવારે ૯ થી ૧૧) ફોન. ૨૨૦૭૬૪**

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી – ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામ વિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

**માહિતીની વિગત :–**

નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામ વગેરે માહિતી આપવી.

**માહિતી મોકલવાનું સરનામું :–**

1) E-mail ID: ssvscience2008@gmail.com

2) E-mail : ssvbhuj@yahoo.com

# શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન નવા હોલનું, ભૂમિપૂજન અને ખાત મુહૂર્ત

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સર્વે વડીલ સંતોની પ્રેરણા અને આશીર્વાદથી આપણા મેલબોર્ન મંદિરની પાસેનો હોલ ખરીદવામાં આવેલ છે. જેનો વિસ્તાર આપણા હાલે મંદિર જેટલો જ છે. શુક્રવાર, તા. ૨-૫-૨૦૧૪, અખાત્રીજના દિવસે તેની ચાવી આપણને મળેલ છે. આ હોલમાં સંતોના ઉતારા તથા બાળકો, યુવકો અને યુવતી માટેના વર્કશોપ રૂમો, ગુજરાતી શાળા અને મલ્ટી પર્પસ સાંસ્કૃતિક હોલનો સમાવેશ કરવામાં આવશે.

આ નવી જગ્યામાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત શુક્રવાર તા. ૭-૩-૨૦૧૪નાં રોજ સવારના ભાગે પૂ. મહંત સ્વામી અને પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી સ્વામીના વરદ્‌હસ્તે અતિ ભક્તિભાવ પૂર્વક કરવામાં આવ્યું હતું. શનિવાર, તા. ૮-૩-૨૦૧૪નાં રોજ સર્વે હરિભક્તો પણ ઉત્સાહ અને હરખથી સમૂહ પૂજનમાં જોડાયા હતા. સૌ હરિભક્તો મહાપ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

આધ્યાત્મિક સાધના શિબિર - આત્મશુદ્ધિ ૨૦૧૪ :-

શ્રી સ્વામિનારાયણ મંદિર - મેલબોર્ન યુવક-યુવતી મંડળ તરફથી ઈસ્ટર હોલિડે દરમ્યાન તા. ૧૮-૪-૨૦૧૪ થી તા. ૨૧-૪-૨૦૧૪ સુધી આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પહેલાં ત્રણ દિવસ મંદિરથી લગભગ ૧૫૦ કિ.મી. દૂર શ્રી હરિકૃષ્ણ ફાર્મમાં આત્માની શુદ્ધિ કઈ રીતે થાય તે વિષય પર ઊંડા શાસ્ત્રોના આધારે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. બધા જ હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ ઘણી મોટી સંખ્યામાં ભાગ લઈ અણમોલ અનુભવ માણ્યો હતો. પરસ્પર ખૂબજ દિવ્યભાવ સાથે આ શિબિરનું સાર્થક આયોજન થયું હતું.

સવારના પાંચ વાગ્યાથી સાંજે સાડા દસ વાગ્યા સુધી ભિન્ન ભિન્ન આયોજનમાં સહુ સહભાગી થયા હતા. સાત્ત્વિક અને ભગવાનમય જીવન, યોગ પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે સાધના અને સાથોસાથ રમત-ગમત પણ કરવામાં આવી હતી. તદ્‌ઉપરાંત દરરોજ વચનામૃતનાં વિવિધ જીવનલક્ષી અને જ્ઞાનસભર વિષયો ઉપર ગોષ્ઠી કરવામાં આવતી. સવારે ભગવાનનાં નામની ધૂન સાથે પ્રભાતફેરીનો પણ અનેરો લાહવો લેવામાં આવ્યો હતો. દરરોજ ત્રણેય સમય ભગવાનને અતિ પ્રેમપૂર્વક થાળ જમાડી અને મહાપ્રસાદ અપાતો. ઓસ્ટ્રેલિયા મધ્યે પ્રથમવાર દેશી ગીર ગાયોનાં દર્શન અને સેવાનો અનોખો લાભ મળ્યો હતો.

છેલા ચોથા દિવસે મંદિરને આંગણે Ghanshyam's Chef પ્રતિસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ભાઈઓ તથા બહેનોએ વિવિધ પ્રકારની વાનગીઓ ઠાકોરજીને રાજી કરવાનો અવસર મળ્યો હતો અને બધી ટીમે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

અહેવાલ :- અરવિંદભાઈ હિરાણી

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી

વાર્ષિકલ જનરલ સભા :

શ્રીજી મહારાજની અસીમ કૃપા તેમજ વડીલ સંતોના આશીર્વાદથી વાર્ષિક જનરલ સભા રવિવાર તા. ૧૧-૫-૨૦૧૪ના રોજ મંદિરમાં બોલાવવામાં આવેલ હતી. પ્રણાલીકા મુજબ ગત જનરલ સભાની નોંધનું વાંચન સહમંત્રીએ કર્યું હતું અને વાંચન ઉપરથી થયેલ પ્રશ્નોનું અધ્યક્ષશ્રીએ સમાધાન કર્યું હતું. ત્યારબાદ હિસાબ ચોક્સીએ વર્ષ ૨૦૧૩ની સાલના આવક જાવકના હિસાબો રજૂ કર્યા હતા અને અધ્યક્ષશ્રીએ હિસાબો ઉપર સમજણ આપી હતી.

ત્યારબાદ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે નવી કમિટીની નિમણુંક કરવામાં આવી જે નીચે મુજબ છે.

અધ્યક્ષ પ.ભ. પરબતભાઈ પ્રેમજી વેકરીયા - બળદીયા, ઉપાધ્યક્ષ પ.ભ. હિરજીભાઈ ખીમજી શિયાણી - મિરજાપર, મંત્રી પ.ભ. નારણભાઈ રવજી ગોરસીયા - માધાપર, સહમંત્રી પ.ભ. ગોપાલભાઈ રામજી મેપાણી - બળદિયા, ખજાનચી પ.ભ. હરિશભાઈ ગોવિંદ વેકરીયા - માધાપર, સહખજાનચી પ.ભ. કેશરાભાઈ કરસન વાલાણી - બળદિયા, હિસાબ ચોક્સી પ.ભ. સુરેશભાઈ રામજી મેપાણી - બળદિયા, સહ હિસાબ ચોક્સી પ.ભ. જયેશભાઈ શીવજી હિરાણી - સૂરજપર

અહેવાલ :- અધ્યક્ષશ્રી પરબતભાઈ પ્રેમજી ભુડીયા, મંત્રીશ્રી નારણભાઈ રવજી ગોરસીયા

## । घनश्यामशरणागस्तोत्रम् ।
## । वसन्ततिलकावृत्तेन गीयते ।

रचयिता-डो. स्वामी सत्यप्रसाद दासजी
(वेदान्ताचार्य)

हे भक्तनाथभयनाशन ! मोक्षदायिन् !
हे भूमिपाल विमलस्मरणीयमूर्ते !
हे विश्वदेव ! सततं करुणानिधान !
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ १ ॥

हे विश्वपाः ! मुनिपते सकलान्तरात्मन् ।
हे सत्यपाः सुरपते नरकान्तकारी ।
हे दीनपाः जनपते रमणीयमूर्ते ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ २ ॥

श्रीपुष्पमालरमणीय सुकण्ठकृष्ण !
राधारमार्चितपाद ! स्मरणीय ! नित्यम् ।
दैतेयमर्दन ! सदा शरणाश्रितात्मन् !
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ३ ॥

गोविन्द ! पूर्वशितिकण्ठसुरैः सुपूज्य !
आबालवृद्ध सकलैः परिवन्दनीय ।
धर्ता सुदर्शनमणिपाश्चजन्यान् ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ४ ॥

वैकुण्ठ ! केशव ! हरे ! निजभक्तनाथ !
साकार ! सद्गुण ! सदामुनिवन्दनीय ।
दिव्याऽति निगुण ! सदा स्मरणीय काले ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ५ ॥

हे मुक्तनाथ ! जनवन्दितपुण्यपाद !
नारायण ! त्रिभुवनसुखदर्शनीय ।
दिव्याकृते कृपथखण्डन ! काममोहिन्
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ६ ॥

सर्वत्र ! दिव्यगुणसागर ! देवदेव !
कण्ठे सदा कुसुममण्डितगंधमाला
ब्रह्माऽक्षराखिलजनेश्च सुशान्तमूर्ते ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ७ ॥

श्रीरामकृष्ण करुणारसरूपधारिन्! ।
श्रीधर्मजात निगमागमवन्द्यमूर्तो।
श्रीसत्यस्वामीन्! हरिकृष्ण! मुने! सदावै ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ॥ ८ ॥

संपूर्णः



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

**:: સ્વચ્છતા ::**

બાલમિત્રો! જય શ્રી સ્વામિનારાયણ, કેમ છો ? મજા મા ? હા, હવે તો રજાની મજા જ હોય ને, રમવાની ને જમવાની,, પણ રમવામાં ને જમવામાં આપણી બાલમંડળની સભા ન ભુલાઈ જાય,! તેનું ધ્યાન રાખજો. ટીવી અને ગેમમાં બહુ સમય બગાડતા નહિ. સારા પુસ્તકોનું વાંચન કરજો,દાદા-દાદી કે સંતો પાસે બેસીને ભગવાનાની વાતો સાંભળજો. ક્રિકેટ,કબડ્ડી,થપ્પો વગેરે રમત રમજો પણ રમ્યા પછી હાથ-પગ ધોવાનું ભુલતા નહિ, કપડા મેલા થઈ જાય તો ધોઈ નાખવા. સ્વચ્છતા ત્યાંજ પ્રભુતા માટે સ્વચ્છતા રાખવી. ઘરે હો કે કયાંક ફરવા જાવ કોઈ પણ જગ્યાએ બજારું કંઈ વસ્તુ ખાવી પીવી નહિ. જયાં ત્યાં ખાવા પીવાથી શરીરમાં રોગો થાય છે. આ વિષય પર સાંભળીએ એક વાર્તા.

એક ખેડૂત બિલાડી પાળેલી હતી. સફેદ કોમળ વાળવાળી તે બિલાડી રાત્રે ખેડૂતના ખાટલામાં જ તેના પગ પાસે સૂઈ જતી હતી. ખેડૂત જ્યારે ખેતરમાંથી ઘેર આવતો ત્યારે બિલાડી તેની પાસે દોડી જતી, પોતાનું શરીર ઘસતી અને 'મ્યાઉ મ્યાઉ' કરીને પોતાનો પ્રેમ બતાવતી હતી. ખેડૂત બિલાડીને દૂધ અને રોટલો આપતો.

એક દિવસે સાજે ખેડૂતના દીકરાએ પોતાના પિતાને કહ્યું "પિતાજી! આજે રાત્રે હું તમારી સાથે સૂઈશ." ખેડૂત બોલ્યો "ના. તારે જુદા ખાટલા પર સૂવાનું છે." દીકરો કહેવા લાગ્યો કે "તમે બિલાડીને તો પોતાના ખાટલામાં સૂવા દો છો, પણ મને સૂવાની ના શા માટે કહો છો.?" ખેડૂતે કહ્યું તને ખુજલી થયેલી છે. તારી સાથે સૂવાથી મને પણ ખુજલી થઈ જાય.પહેલાં તું તારી ખુજલી મટી જવાદે. છોકરો ખુજલીથી ઘણો પરેશાન હતો. તેના આખા શરીરમાં નાની-નાની ફોલ્લોઓ થઈ ગઈ હતી. ખુજલીને કારણે તે બેચેન રહેતો હતો. તેણે પોતાના પિતાને પૂછયું - "આ ખુજલી મને જ શા માટે થઈ છે ? આ બિલાડીને કેમ થઈ નથી ?"

ખેડૂતે કહ્યું : "બેટા ! કાલે સવારે તને હું આ વાત બતાવીશ." બીજા દિવસે સવારે ખેડૂતે બિલાડીને જરા વધુ પડતાં દૂધ-રોટલો આપ્યાં, પરંતુ જ્યારે બિલાડીનું પેટ ભરાઈ ગયું ત્યારે તે દૂધ-રોટલો છોડીને દૂર ચાલી ગઈ અને તડકામાં બેસીને વારંવાર પોતાનો એક પગ ચાટીને પોતાના મોઢા પર ફેરવવા લાગી.

ખેડૂતે પોતાના દીકરાને ત્યાં બોલાવ્યો અને તેને કહ્યું "જો, બિલાડી કેવી રાતે પોતાનું મોઢું સાફ કરી રહી છે ? એ આ પ્રમાણે પોતાનું શરીર સ્વચ્છ રાખે છે. આમ કરવાથી એને ખુજલી થતી નથી. તું તારાં કપડાં અને શરીરને

મેલાં રાખે છે. એ કારણે તને ખુજલી થઈ છે. મેલમાં એક પ્રકારના વિષાણુ હોય છે. તે પરસેવાની સાથે જ્યારે શરીરની ચામડીને ચોંટે છે અને ચામડીમાં દાખલ થાય છે ત્યારે ખુજલી, ફોડલા અને બીજા પણ ઘણા રોગ થઈ જાય છે."

છોકરાએ કહ્યું - "હું આજથી મારા બધાં કપડાં ગરમ પાણીમાં સાબુ નાખીને ધોઈશ. પથારી અને ચાદર પણ ધોઈશ.બરાબર નાહીશ. પિતાજી એમ કરવાથી મારી ખુજલી મટી જશે."

ખેડૂતે જણાવ્યું - "શરીરની સાથે પેટ પણ સ્વચ્છ રાખવું જોઈએ. જો બિલાડીનું પેટ ભરાઈ ગયું તો તેણે દૂધ પણ છોડી દીધું ને ? પેટ ભરાઈ જાય એ પછી ખાવું જોઈએ નહી. અને હા ! ભોજન વધે એટલું ન લેવું કેમકે અન્નદેવનો અપરાધ થાય છે. એવી ચીજો પણ ન ખાવી જોઈએ કે જે ખાવાથી પેટમાં ગરબડ થાય. મરચું, ખટાશ,બજારુ ખાણું,વધારે પડતી મીઠાઈ વગેરે ખાવાથી તથા પીવાથી પેટમાં ગરબડ થઈ જાય છે. એનાથી પેટ સાફ રહેતું નથી. જો પેટ સાફ ન રહે તો પણ ઘણાબધા રોગ થાય છે. તાવ,માથુ,ગેશ વગેરે રોગો પેટની ગરબડને લીધે જ આવે છે. જે લોકો જીભના જરાસરખા સ્વાદ ખાતર ભૂખ વિના વધારે પડતું ખાઈ લે છે. અથવા તો વધારે મીઠાઈ,ઘી-તેલમાં તળેલી વાનગીઓ વગેરે વારંવાર ખાતાં રહે છે તેમને એક ખુજલી જ શા માટે? બીજી પણ જાતજાતની બીમારી થઈ જાય છે. પેટ સાફ રાખવા માટે રોટલી, લીલા શાકભાજી તથા મોસમના ફળો ખાવા જોઈએ. જીવવા માટે ખાવું જોઈએ ખાવવા માટે જીવવું જોઈએ નહિ."

ખેડૂતના તે દીકરાએ તે દિવસથી પોતાનાં કપડાં સાફ રાખવાનું શરૂ કરી દીધું અને રોજ ઘસીને સ્નાન કરવા લાગ્યો. તે એ વાતનું પણ ધ્યાન રાખે છે કે પોતાથી વધારે પડતું ન ખવાય તથા એવી કોઈ ચીજ ન ખાય કે જેનાથી પેટમાં ગરબડ થાય. હવે તેની ખુજલી ઓછી થઈ ગઈ છે. તેનું શરીર હૃષ્ટપુષ્ટ અને બળવાન થવા લાગ્યું છે. તેના પિતા અને બીજા લોકો પણ હવે

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળાઃ-

૧. આ વર્ષે કેટલામો શ્રીહરિજન્મોત્સ ઉજવવામાં આવ્યો હતો ?
(અ) ૨૨૫ (બ) ૨૩૩
(ક) ૨૩૨ (ડ) ૨૩૫

૨. જૂનાગઢ મંદિરમાં રાધારમણદેવની પ્રતિષ્ઠા કયારે કરવામાં આવી હતી?
(અ) ૧૮૮૩ (બ) ૧૭૮૪
(ક) ૧૮૮૧ (ડ) ૧૮૮૪

૩. શ્રી ઘનશ્યામમહારાજ દરરોજ સ્નાન કરવા કયા જતા ?
(અ) મનોરમા (બ) રામકુંડ
(ક) સરયૂ (ડ) સાબરમતી

૪. નરહરિ રૂપ મોરારી પ્રગટ ભયે આ કિર્તન કોણો બનાવ્યું છે ?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. રામેશ્વર ધામ કયા રાજ્યમાં આવે છે ?
(અ) કેરલ (બ) કર્ણાટક
(ક) આંધ્રપ્રદેશ (ડ) તામિલનાડુ

૬. પરશુરામ જયંતી કયા મહિનામાં આવે છે ?
(અ) વૈશાખ (બ) ફાગણ
(ક) જાન્યુઆરી (ડ) ચૈત્ર

૭. સુવાસનીબાઈનો જન્મ કયા ગામમાં થયો હતો?

(અ) ઈટાર (બ) તર

(ક) તીનવા (ડ) છપૈયા

૮. મયારામભટ્ટ કયા ગામના હતા ?

(અ) લોયા (બ) મણાવદર

(ક) આમોદ (ડ) ઝીંઝાવદર

૯. જુનાગઢના એક પ્રખ્યાત ભકતનું નામ આપો?

(અ) નરસિંહ મહેતા (બ) હરિદાસ

(ક) તુલસીદાસ (ડ) સુરદાસ

૧૦. ધર્મને માટે પણ શું ન કરવું જોઈએ ?

(અ) પાપ (બ) હિંસા

(ક) ચોરી (ડ) લોભ

## -: શબ્દ રચના :-


નીચે આપેલા કોઠામાં ગઢપુરના ભક્તરાજ અભયરાજાના પરિવારના સદસ્યોનાં ૧૦ નામ મુકેલા છે તે શોધી કાઢો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | ય | ગા | ના | ઉ | સુ | વી | ઝ | પં | દા | સો | બા |
| અ | લ | ગં | નુ | ત્ત | દે | ક | મ | ચા | હા | ન | જ |
| ભ | તા | બા | સો | મા | બા | અ | કુ | રી | ખા | બા | યા |
| ય | સુ | ઉ | સો | પ | રા | જા | બા | લ | લી | તા | બા |
| રા | ર | મા | ક | ના | વી | ગા | ઈ | જ | પ્ર | ના | આ |
| જા | જ | રી | ક | દે | લ | ઉ | કા | ખા | ચ | ર | જા |
| ના | બા | લ | ભા | ઉ | લી | ત્ત | જા | અ | ભ | રા | ક |
| નુ | પં | પ્ર | સો | રા | જા | વ | મા | દા | મ | ચા | લ |
| ક | ર | યા | ગા | લ | વ | ક | નુ | ત્ત | ગો | સો | પં |
| સુ | એ | પં | વિ | જા | બા | યા | ઉ | મા | દે | બા | વી |
| ના | લ | ચા | ર | સો | કા | લ | લી | થા | નુ | અ | ભ |
| બા | ક | લી | મા | દે | વ | ઉ | ત્ત | ના | ક | લ | ક |

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

લોયા, ૧૮૩૭,મહાશિવરાત્રી, બ્રહ્માનંદ સ્વામી, રામેશ્વર મહા,૧૮૬૦ ,લોયા ,મહા સુદ ૭,૨૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૧ | ૬ | ૦ | ૨ | ૩ | ૮ | ૧ | ૪ | ૦ |
| ૮ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ | ૬ | ૨ | ૭ | ૩ | ૬ | ૭ |
| ૫ | ૦ | ૧ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૬ | ૪ | ૯ | ૧ | ૮ | ૪ | ૯ | ૦ | ૧ | ૮ | ૬ | ૨ |
| ૯ | ૦ | ૮ | ૩ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ |
| ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૦ | ૪ | ૧ | ૧ | ૮ | ૭ | ૯ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૮ | ૨ | ૦ | ૭ | ૨ | ૪ | ૯ | ૦ |
| ૨ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૩ |
| ૭ | ૦ | ૬ | ૫ | ૫ | ૦ | ૮ | ૧ | ૨ | ૦ | ૭ | ૯ |
| ૬ | ૧ | ૯ | ૪ | ૧ | ૮ | ૫ | ૮ | ૦ | ૩ | ૪ | ૪ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૦ | ૧ | ૮ | ૫ | ૯ | ૯ | ૨ | ૩ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૧ | ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૭ |



**સરનામું**

નામ........................................................................................................ ગામ ..........................

તાલુકો......... ઉંમર.......... શાળા..................................................................... ધો........મો.ન..........................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૬૦૦/- | રત્ના દેવશી વરસાણી | માનકુવા હાલે નૈરોબી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પૂર્વી સ્નેહા બિલ્ડર્સ | માંડવી હાલે નૈરોબી | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | કિશોર હીરજી કેરાઈ | કેરા | સુપુત્રી ચિ.દિવ્યાના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. કાનજી લાલજી દબાસીયા | કોડકી | કથા પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જીનેશ રામજી કેરાઈ | કુંદનપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | અ.નિ. કુંવરજીભાઈ વેલજી હાલાઈ હસ્તે કરસનભાઈ સહપરિવાર | મિરજાપર | પિતાશ્રીના મોક્ષાર્થે શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૨૫૦/- | કરસન વીરજી દબાસીયા જાદવજી વીરજી | માનકુવા | અ.નિ. પિતાજી વીરજી ધનજી દબાસીયાના લાલજી વીરજી, ભીમજી વીરજી દબાસીયા મોક્ષાર્થે ભેટ |
| ૧૦૧/- | વિરજીભાઈ લાલજી વેકરીયા | પિયાવા-માંડવી | હિતેશ ભગતના ચાંદલા નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | શયન નારણ કેરાઈ | ગોડપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | અશ્વિન વાલજી પિંડોરીયા | દહીંસરા | પુત્ર જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | દેવશી રત્ના હિરાણી | માનકુવા હાલે નૈરોબી | પાટોત્સવ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | દિનેશ હિરજી કેરાઈ | કોડકી | શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે |
| ૧૧૧/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન હસ્તે મુકેશભાઈ વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | પ્રેમજીભાઈ દેવજી પિંડોરીયા | દહીંસરા હાલે લંડન | પ્રેમજીભાઈ દેવશી પિંડોરીયા તથા કેસરબાઈ પ્રેમજી પિંડોરીયાના પુત્ર દિનેશને ત્યાં પુત્રી દિયાના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૫૦/- | દક્ષા નવિનભાઈ હીરાણી | મિરજાપર હાલે મેલબોર્ન | યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી સીડનીમાં ગ્રેજ્યુએટ થતાં તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | દક્ષા પ્રેમજી જાદવા જોધાણી | ભક્તિનગર માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | અ.નિ.માતુશ્રી રાધાબાઈ કલ્યાણ કેરાઈ | રામપર હાલે સીડની | ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે કથા પ્રસંગે હસ્તે પિતાશ્રી કલ્યાણભાઈ લક્ષ્મણ પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | દક્ષેશ મહેશભાઈ જેઠી | ભુજ | તેમના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | સુરેશ દેવજી વરસાણી | ભારાસર | પ્રિયાબેન સુરેશ વરસાણીના લગ્ન પ્રસંગે ભેટ |
| ૨૫૦/- | વનિતા શીવજી હાલાઈ | સુરજપર હાલે શિસલ્સ | લગ્ન પ્રસંગે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | શિવજી મેઘજી હાલાઈ | સુરજપર હાલે શિસલ્સ | નવી ગાડી લીધી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | જાદવા લક્ષ્મણ કેરાઈ | મોટા કપાયા | કપાયા વાડી વિસ્તારમાં મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
























(૧) પ્રસાદી મંદિર ભુજમા બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજના નંગ જડીત વઘા અર્પણ કરતા પ.ભ. ભીમજીભાઈ ગોરસીયા પરિવાર સુખપર. (૨) ભુજ મંદિર દ્વારા ગરીબોને સહાય કરતા પૂ. સંતો. (૩) ભુજ મંદિર દ્વારા સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પૂણ્ય સ્મૃતિમાં નેત્ર યજ્ઞ તથા E.N.T. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટપ્પર અંજાર. (૪-૫-૬-૭) શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકોને ૯ મો બાલમંચ બોર્ડિંગમાં યોજાઈ ગયો. (૮) પ.ભ. વાઘજીભાઈ કલ્યાણ સુપુત્ર નિતીનભાઈ રામપર (સીડની) ના યજમાન પદે ભુજ મંદિરે પારાયણ પ્રસંગે પહેરામણી સ્વીકારતા યજમાન પરિવાર. (૯-૧૦-૧૧) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો માટે યોજાયેલ એક દિવસીય શિબિરમાં ઉપસ્થિત ભક્ત સમૂદાય, કુરાલ, મુંબઈ તથા વલસાડ.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014



ભુજ મંદિર દ્વારા પ્રકાશિત એકાદશી જાગરણ તથા દશાબ્દી શિબિરની ડી.વી.ડી.નું વિમોચન



કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઉત્તર ગુજરાત પ્રાંતની પ્રથમ પ્રાંતીય ટીફીન શિબર યોજાઈ-ગુણાદ














પ્રસાદી મંદિર ભુજના દેવોનો ૪થો વાર્ષિક પાટોત્સવ પ.ભ. વાલજીભાઈ કરસન હિરાણી પરિવાર નાઈરોબીના યજમાન પદે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો.